પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

RNI NO:- 67073/97

વર્ષઃ૨૫, અંકઃ૨૩, કુલ પાનાઃ૪, તારીખઃ ૧૮-૦૯-૨૦૨૧ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 23 PRICE :-RS. 1.50 DATE : 18-09-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

Whatsapp No.9712880678

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)


### SCOની બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી વર્ચ્યુલી સંબોધન

## અમે દરેક પાર્ટનરના સક્રિય સહયોગની આશા રાખીએ છીએ : વડાપ્રધાન

ન્યુ દિલ્હી,

એસસીઓ બેઠકથી અલગ વિદેશ મંત્રી એસ જયશંકરે ગુરુવારે ચીનના વિદેશ મંત્રી વાંગ યી સાથે મુલાકાત કરી હતી. ત્યારપછી એસ. જયશંકરે સોશિયલ મીડિયા દ્વારા કહ્યું હતું કે, મુલાકાતમાં ભારત-ચીન બોર્ડર પર ડિસએંગેજમેન્ટ વિશે ચર્ચા થઈ છે અને એ વાત પર ભાર આપવામાં આવ્યો છે કે, સીમા પર શાંતિ માટે ડિસએંગેજમેન્ટની પ્રક્રિયા આગળ વધારવી જરૂરી છે. તે સાથે જ વૈશ્વિક વિકાસ વિશે પણ ચર્ચા કરવામાં આવી છે. ચીને કહ્યું છે કે, ભારત સાથેના



તેમના સંબંધો કોઈ ત્રીજા દેશની દ્રષ્ટીથી ના જોવો.તાજિકિસ્તાનના પાટનગર દુશામ્બેમાં શરૂ થયેલા શાંઘાઈ સહયોગ સંગઠન (SCO)ની બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી વર્ચ્યુલી સંબોધન કરી રહ્યા છે. તેમણે કહ્યું કે, અફઘાનિસ્તાનમાં હાલના ઘટનાક્રમે ઘણાં પડકારો ઉભા કર્યા છે. અમે દરેક પાર્ટનરના સક્રિય સહયોગની આશા રાખીએ છીએ. આ વર્ષે SCO ૨૦મી વર્ષગાંઠ ઉજવી રહ્યું છે. ખુશીની વાત છે કે, આપણી સાથે નવા મિત્રો જોડાઈ રહ્યા છે. હું ઈરાનનું સ્વાગત કરુ છું. ઈજીપ્ત અને કતરનું પણ સ્વાગત કરુ છું. એક્સીલન્સી SCOની ૨૦મી વર્ષગાંઠ વિશે વિચારવાનો આ ઘણો સારો અવસર છે. વડાપ્રધાને કહ્યું કે, જો અમે ઈતિહાસ પર નજર કરીશું તો જોઈ શકીશું કે, મધ્ય એશિયાનો વિસ્તાર મોડરેટ અને પ્રગતિશીલ સંસ્કૃતિ અને મૂલ્યોનો ગઢ રહ્યો છે. સૂફીવાદી જેવી પરંપરાઓ અહીં સદીઓથી વિકસી અને સમગ્ર વિશ્વમાં ફેલાઈ. તેની શબિ આપણે આજે પણ આ વિસ્તારના સાંસ્કૃતિક વારસામાં જોઈ શકીએ છીએ. મોદીએ એવું પણ કહ્યું કે, ભારતમાં અને SCOના લગભગ દરેક દેશોમાં ઈસ્લામ સાથે જોડાયેલા મોડરેટ, ટોલરેટ અને ઈક્લૂસિવ સંસ્થાઓ અને પરંપરાઓ છે. SCOએ તેમની વચ્ચે એક મજબૂત નેટવર્ક વિકસીત કરવા માટે કામ કરવું જોઈએ. આ સંદર્ભમાં SCOના રેકેટ્સ મિકેનિઝમ દ્વારા કરવામાં આવતા ઉપયોગી કાર્યની પ્રશંસા કરુ છું. મોદીના સંબોધન પહેલાં ચીન, ઈરાન, પાકિસ્તાન અને રશિયાના વિદેશ મંત્રીઓએ મુલાકાત કરી હતી. ચીન, ઈરાન, પાકિસ્તાન અને રશિયાના વિદેશમંત્રીઓએ પણ મુલાકાત કરી હતી. આ મુલાકાત પછી પાકિસ્તાનના વિદેશ મંત્રી શાહ મહમૂદ કુરૈશીએ કહ્યું કે, રશિયાના વિદેશ મંત્રી સર્ગે લેવરોવ સાથે ચર્ચામાં વેપાર, રોકાણ, ઉર્જા અને રક્ષા સાથે જોડાયેલા મુદ્દાઓ પર વાત થશે. SCO સમીટમાં ચીનના વલણ ઉપર પણ નદર રહેશે, કારણ કે એક દિવસ પહેલાં જ ઓસ્ટ્રેલિયાએ અમેરિકા અને બ્રિટનની સાથે પરમાણું ઉર્જાથી ચાલતી સબમરીન બનાવવા માટે સુરક્ષા સમુહ બનાવ્યું છે. આ સમજૂતીથી હિન્દ-પ્રશાંત મહાસાગરના વિસ્તારમાં ચીન ઉપર કંટ્રોલ કરી શકાય છે. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન સ્કોટ મોરિસને બ્રિટશ પીએમ બોરિસ જોનસન અને અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડન સાથે સંયુક્ત રીતે ગુરુવારે આ વિશે જાહેરાત કરી ચે. ત્યારપછી ચીને કહ્યું હતું કે, આ દેશોએ શીતયુદ્ધની માનસિકતામાંથી બહાર આવવાની જરૂર છે.SCOની બેઠકમાં ભાગ લેવા માટે વિદેશ મંત્રી એસ જયશંકર પહેલેથી જ દુશામ્બે પહોંચી ગયા છે. તેઓ આ બેઠકમાં ભાગ લેશે. SCO સભ્ય દેશોની આ ૨૧મી બેઠક છે. શાંઘાઈ સહયોગ સંગઠન પોતાની સ્થાપનાની ૨૦મી વર્ષગાંઠ ઉજવી રહ્યું છે. ૧૫ જૂન ૨૦૦૧માં આ સંગઠનની સ્થાપના થઈ હતી અને ૨૦૧૭માં ભારત તેનું કાયમી સભ્ય બન્યું.

## વડાપ્રધાન મોદીના જન્મદિવસે વેક્સિનેશનના બધા રેકોર્ડ ટૂટ્યા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિતે ભારતીય જનતા પાર્ટી દ્વારા આજે ઘણાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. લોકોને કોવિડ પ્રોટોકોલ અંતર્ગત કાર્યક્રમની ઉજવણી કરવાની અપીલ કરવામાં આવી છે. આ સિવાય આજે વેક્સિનેશન અભિયાન ક્ષેત્રે પણ મોટી સફળતા મળવાની શક્યતા છે. કારણકે આજે વિવિધ ક્ષેત્રના નેતાઓ અને સેન્ટર્સે મોટા ટાર્ગેટ નક્કી કર્યા છે. બીજેપી દ્વારા પણ પોતાની રીતે વેક્સિનેશન કેમ્પ શરૂ કરવામાં આવ્યા છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિસે દેશમાં વેક્સિનેશનનું મહાઅભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. પીએમ મોદી આજે ૭૧ વર્ષના થયા છે. શુક્રવારે ભારતીય જનતા પાર્ટીએ દેશના વિવિધ વિસ્તારોમાં સ્પેશિયલ વેક્સિનેશન અભિયાન શરૂ કર્યું છે. શુક્રવારે ભારતે વેક્સિનેશનના બધા રેકોર્ડ તોડી દીધા છે. બપોરે સાડા ત્રણ



વાગ્યા સુધીમાં દોઢ કરોડથી વધારે વેક્સિનના ડોઝ આપવામાં આવ્યા છે. આ પહેલાં એક દિવસમાં ૧.૩૩ કરોડ ડોઝ આપવાનો રેકોર્ડ હતો. શુક્રવારે બપોરે ૧.૪૦ સુધીમાં એક કરોડ સુધી વેક્સિન આપી દેવામાં આવી હતી. જ્યારે ૧.૫૦ કરોડ ડોઝ સુધી પહોંચવામાં માત્ર ૧૦૦ મિનિટનો સમય થયો હતો. ૩.૨૦એ આ આંકડો ક્રોસ કરી દેવામાં આવ્યો હતો. માનવામાં આવે છે કે, શુક્રવારે અંદાજે દોઢ કરોડ ડોઝનો રેકોર્ડ બનાવવામાં આવી ગયો છે. ૫ વાગ્યા દરમિયાન ૨ કરોડ લોકો એ વેક્સિનેશન લઈ લીધાની માહિતી કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરેલ કોવિન વેબસાઈડ પરથી મળી હતી. આવી આશા એટલા માટે છે કારણકે દેશમાં અંદાજે એક લાખ સાઈટ પર વેક્સિનેશન કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આ જન્મ દિવસ એટલા માટે પણ ખાસ છે કારણકે આ જ વર્ષે તેમને સક્રિય રાજકારણમાં આવે ૨૦ વર્ષ પૂરા થાય છે. ૭ ઓક્ટોબર ૨૦૦૧ના રોજ તેઓ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા. અને ત્યારથી અત્યાર સુધી તેઓ મુખ્યમંત્રી અને વડાપ્રધાનના પદ પર રહ્યા છે.

## અમદાવાદ શહેરભરમાં લગાવાયેલા ૪૦૦૦ કેમેરા તમામ ગેરકાયેદસર ચીજવસ્તુઓ પર નજર રાખશે

ગાંધીનગર,

અમદાવાદ શહેરમાં સીસીટીવી લગાડવા માટે એક સ્પેશિયલ ટીમ બનાવવામાં આવી છે. જેમાં શહેર પોલીસના ૧૦ પીએસઆઈને પસંદ કરવામાં આવ્યા છે. આ ટીમ હાલ શહેરમાં ક્યાં ક્યાં સીસીટીવી લગાવવા પર સરવે કરી રહી છે. આ કેમેરાની ખાસિયતોની જો વાત કરવામાં આવે તો, અલગ અલગ ચાર પ્રકારના સીસીટીવી લગાડવામાં આવશે, જેમાં ફિક્સ કેમરા, rlvd રેડલાઈટ વાયોલેશ ડિટેક્શન કેચ કેમેરા, anpr ઓટોમેટિક નંબર પ્લેટ રેકેગઝેશબ કેમેરા, pti કેમેરા જે ૩૬૦ ડિગ્રી મુવમેન્ટ આપે છે. આ કેમેરાનું મોનિટરિંગ શહેર પોલીસના ઝોન ડીસીપી અને કન્ટ્રોલ રૂમ દ્વારા કરવામાં આવશે. ચોર, લૂંટારા અને આતંકીઓનું સોફ્ટ હંમેશાથી



અમદાવાદ રહ્યું છે. આખા દિવસ દરમિયાન અમદાવાદ ના અલગ અલગ ખૂણેના ગુનેગારો કોઈને કોઈ ગુનાને અંજામ આપતા હોય છે. ગુનેગારો ફરાર થવામાં પણ સફળ રહેતા હોય છે. ત્યારે હવે અમદાવાદના ખૂણે ખૂણા પર અમદાવાદ શહેર પર પોલીસની ત્રીજી આંખ સતત એલર્ટ મોડમાં રહે છે. અમદાવાદ દિવસેને દિવસે વિકાસમાં હરણફાળ ભરી રહ્યું છે. ત્યારે ચોર, લૂંટારા, આતંકીઓ, અસામાજિક તત્વો પોતાના નાપાક મનસૂબા પૂરા કરવા માટે અમદાવાદીઓને નુકસાન પહોંચાડવા પ્રયાસ કરતા હોય છે. ત્યારે અમદાવાદ કોમ્યુનિલ રાયોટ્સ પણ ભૂતકાળમાં જોઈ ચૂક્યું છે, ત્યારે અમદાવાદ શહેર પોલીસ ગુનેગારોની કોઈ પણ ગતિવિધિ પર નજર રાખવાનું મન મક્કમ કર્યું છે. ભૂતકાળ અને અત્યાર સુધીમાં અમદાવાદીઓ કોઈ પણ ગુનામાં સ્વજનો કે પોતાનો કિંમતી માલ સમાન ગુમાવવાનો વારો આવ્યો છે, ત્યારે આવી તમામ ઘટનાને હવે અમદાવાદ શહેર પોલીસ પહેલેથી રોકી શકશે અથવા ઘટના ઘટયા બાદ ગુનેગારોને સીસીટીવી કેમેરાના આધારે તાત્કાલિક પકડી લેશે. અમદાવાદ શહેર પોલીસ સ્ટેશન વિસ્તારમાં અત્યાર સુધી ૧૪૦૦ કેમેરા સક્રિય હતા. અલગ અલગ જગ્યાએ ત્યારે હવે અમદાવાદ શહેર તેમજ અમદાવાદના પ્રવેશ કરવા અને બહાર નીકળવાના રસ્તા સહિતની જગ્યાઓ પર ૨૮૦૦ કેમેરા બીજા લગાડવામાં આવશે. એટલે કે કુલ ૪ હજાર સીસીટીવી કેમેરા અમદાવાદમાં લગાવાશે. જે ગુનેગારો પર બાજ નજર રાખશે. અમદાવાદ શહેર પોલીસના સેક્ટર-૨ જેસીપી ગૌતમ પરમારે જણાવ્યું કે, અમદાવાદ શહેર પોલીસની ત્રીજી આંખ તૈયાર થઈ રહી છે. આ ત્રીજી આંખ એટલે કે સીસીટીવી કેમેરા લગાડવા માટે અમદાવાદ શહેર પોલીસે પ્રોજેક્ટ હાથ ધર્યો છે. જેમાં અમદાવાદના અલગ અલગ ૧૪૦૦ પોઈન્ટ નક્કી કરવામાં આવ્યા છે, જે પોઈન્ટમાં જાહેર રોડ, જાહેર જગ્યા, નામચીન ખરીદીની બજારો, આંગડિયા બજાર, ગાર્ડન, ભીડભાડવાળી જગ્યા, મંદિરો, બસ સ્ટેશન, રેલવે સ્ટેશન અને અમદાવાદના મુખ્ય ચાર રસ્તા સહિત અમદાવાદમાં પ્રવેશ કરવાના માર્ગ અને અમદાવાદમાંથી બહાર નીકળવાના માર્ગ પર આ ખાસ ટેકનોલોજીવાળા કેમેરા નજર રાખશે.

## મોદીના જન્મ દિવસને 'રાષ્ટ્રીય બેરોજગારી દિવસ' તરીકે ઉજવતી કોંગ્રસ

નવી દિલ્હી,

રાહુલ ગાંધીએ આ વર્ષે વડાપ્રધાન મોદીને જન્મ દિવસની શુભેચ્છા પાઠવતી ટ્વીટ કરી છે. તેમાં તેમણે 'હેપ્પી બર્થડે, મોદીજી' એવું લખ્યું હતું. ઉલ્લેખનીય છે કે, રાહુલ ગાંધી અને કોંગ્રેસ પાર્ટીના અન્ય નેતાઓ બેરોજગારી મુદ્દે સતત સરકારને ઘેરી રહ્યા છે.આજે ૧૭મી સપ્ટેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જન્મ દિવસ છે. આ પ્રસંગે કોંગ્રેસ પાર્ટીની યુથ વિંગ દ્વારા વિરોધ પ્રદર્શનની જાહેરાત કરવામાં આવી છે. ઈન્ડિયન યુથ કોંગ્રેસ ૧૭મી સપ્ટેમ્બરને 'રાષ્ટ્રીય બેરોજગારી દિવસ' તરીકે ઉજવશે. કોંગ્રેસના કહેવા પ્રમાણે દેશમાં વધી રહેલી બેરોજગારીને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. યુથ કોંગ્રેસ બપોરે ૧૨:૦૦ કલાકે યુથ કોંગ્રેસ કાર્યાલયની બહાર જ 'રાષ્ટ્રીય બેરોજગારી દિવસ' ઉજવીને પ્રદર્શન કરશે. યુથ કોંગ્રેસ તરફથી રાહુલ રાવ (નેશનલ મીડિયા ઈન્ચાર્જે) આ અંગેની જાણકારી આપી હતી. ભારતીય યુથ કોંગ્રેસે પહેલેથી જણાવ્યું હતુ કે, 'રાષ્ટ્રીય બેરોજગારી દિવસ' અંતર્ગત સંગઠન દ્વારા દેશભરમાં અનેક પ્રકારના કાર્યક્રમ આયોજિત કરવામાં આવશે. યુથ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રીનિવાસ બી.વી.એ જણાવ્યું હતું કે, 'મોદી સરકાર ૨ કરોડ રોજગાર પ્રતિવર્ષ આપવાના મોટા મોટા વચનો આપીને સત્તામાં આવી હતી પરંતુ આજે કેન્દ્ર સરકાર રોજગાર મુદ્દે સંપૂર્ણપણે મૌન છે. દેશમાં એક વર્ષમાં બેરોજગારી દર ૨.૪ ટકાથી વધીને ૧૦.૩ ટકા થઈ ગયો છે. સરકાર યુવાનોને રોજગાર આપવામાં અસફળ રહી છે.'

## ચીને બોર્ડર પર ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવાની ગતિ વધારી દીધી

બેઈજિંગ,

૨૦૨૦માં પૂર્વીય લદ્દાખમાં ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (પીએલએ)ની ઘૂસણખોરી પછી ભારત અને ચીન વચ્ચે સર્જાયેલો તણાવ હજી ખતમ નથી થયો ત્યાં નિયમિત સમયે ચીનની ભારત પ્રત્યેની નીતિ ખુલ્લી પડી ગઈ છે. ભારત અને ચીન વચ્ચે દેપસાંગમાંથી ચીની સૈનિકોને પાછા હટાવવા અંગે વાટાઘાટો ચાલી રહી છે. આવા સમયમાં ચીને થ્યાનવેનડિયન હાઈવેનો વિસ્તાર કરવાનું શરૂ કર્યું હોવાના સમાચાર છે. આ હાઈવેને લંબાવીને દેપસાંગ સુધી લાવવામાં આવી રહ્યો છે. અહીંથી ભારતની સૌથી ઊંચી હવાઈ પટ્ટી દોલત બેગ ઓલ્ડી માત્ર ૨૪ કિ.મી. દૂર છે.પૂર્વીય લદ્દાખમાં ભારત સાથેનો તણાવ ઘટવા છતાં ચીને ભારત સાથેની તેની સરહદ નજીક ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવાનું ચાલુ રાખ્યું છે એટલું જ નહીં તેની ગતિ વધારી દીધી છે. ઑગસ્ટ મહિનામાં લેવાયેલી સેટેલાઈટ તસવીરો પરથી શાંતિની વાતો કરતાં ખંધા ચીનની ચાલ પકડાઈ છે. ભારત અને ચીન પૂર્વીય લદ્દાખના મહત્વપૂર્ણ વિસ્તારોમાંથી સૈન્યની પીછેહઠ માટે સંમત થયા પછી પણ ચીનના સૈન્યે વાસ્તવિક નિયંત્રણ રેખા નજીક ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવાનું ચાલુ રાખ્યું છે.

## અમદાવાદમાં પૂર્વ મંત્રી દ્વારા જમીનનો કરોડોમાં સોદો કર્યો

અમદાવાદ,

ગુજરાતના પૂર્વ મંત્રી હવે અમદાવાદના છેવાડા વિસ્તારોમાં જમીન ખરીદવાની તપાસ અને શોધખોળ કરી રહ્યા છે. તમને જણાવી દઈએ કે અમદાવાદ શહેરના ઘણા વિસ્તારોમાં હાલ ડેવલોપમેન્ટ થઈ રહ્યું છે. વૈષ્ણવદેવીથી લઈને અડાલજ સુધી, ચાંદખેડાથી લઈને મોટેરાથી આગળના વિસ્તારોમાં બીજી તરફ પાટનગરના આસપાસના વિસ્તારોમાં પણ બહોળા પ્રમાણમાં ડેવલોપમેન્ટના કારણે જમીનના ભાવો આસમાને પહોંચી રહ્યા છે.નેતાની માલિકીનો પ્લોટ અંદાજીત ૫ હજારથી વધુ સ્કેવર યાર્ડનો છે. આ પ્લોટ એ સૌથી પોશ વિસ્તાર એવા રાજપથ કલબની પાછળના રસ્તાની બાજુ આવેલો છે, હાલમાં આ સોદો તાજેતરમાં થયો હોય તેવું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. મોંઘા ભાવે આ ડીલ માર્કેટના રેટ કરતા પણ બહું ઉંચા ભાવે થઈ છે. બીજી તરફ રાજપથ ક્લબની આસપાસના વિસ્તારમાં હાલ મોટા ભાવો પણ ચાલી રહ્યા છે.ગુજરાતના રાજકારણમાં બહુ મોટા ટ્વિસ્ટ આવી ગયા છે. જેમાં છેલ્લા એક અઠવાડીયામાં રાજ્યના રાજકારણના એવા ભૂંકપ આવ્યા છે કે તેના આફ્ટર શોકની અસર હજુ વર્તાઈ રહી છે. અચાનક રૂપાણી સરકારની વિદાય સાથે નવી રાજ્ય સરકારની રચના અને નો રિપીટ થિયરીમાં ઘણા નેતાઓને પડતા મૂકાયા છે, ત્યારે આ વચ્ચે એક મહત્વના અહેવાલ મળ્યા છે કે એક પૂર્વ કેબિનેટ મંત્રીએ અમદાવાદ શહેરમાં એસજી હાઈવે પર આવેલી નામંકિત કલબની પાસે પોતાની જમીનનો સોદો કરીને સો કરોડથી વધુ રકમમાં વેચાણ કરી દીધી છે.

## અમદાવાદની ૩૭ શાળાઓને ફાયર NOCના અભાવે તાળા વાગી શકે છે

અહમદાવાદ,

ફાયર વિભાગે એનઓસી વગરની બિલ્ડિંગો, હોસ્પિટલો અને શાળાઓ પર તવાઈ બોલાવાઈ રહી છે ત્યારે અગાઉ પણ શહેરીના ૪૨ જેટલી હોસ્પિટલોને નોટીસ આપવામાં આવી હતી જે બાદ મ્યુનિ. ફાયર ફાયર એનઓસી ન હોવાથી ફટકારી નોટીસબ્રિગેડ દ્વારા શહેરની ૧૩ હોટલોને સીલ કરી દેવામાં આવી હતી. SGVP ઈન્ટરનેશનલ સ્કૂલને પણ નોટીસ હવે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરીની ૩૭ શાળાઓને પણ ફાયર એનઓસી મામલે ક્લોઝર નોટીસ આપી દેવામાં આવી છે. શહેરમાં બીયુ પરમિશન અને ફાયર એનઓસી નહીં ધરાવતાં અનેક એકમો સામે હાઈકોર્ટ તેમજ સુપ્રીમ કોર્ટના આદેશ બાદ તંત્ર દ્વારા તવાઈ લાવવામાં આવી છે. અમદાવાદ મનપા દ્વારા ફાયર એનઓસી મુદ્દે શહેરની ૩૭ જેટલી શાળાઓની ફાયર NOCને લઈ ક્લોઝર નોટીસ આપવામાં આવી છે જેમાં ફાયર એનઓસી નહીં ધરાવતી શાળાઓને બંધ કરવા સુધીની કાર્યવાહી હાથ ધરવામાં આવી શકે છે. જે શાળાઓને નોટીસ આપવામાંઆવી છે તેમાં શહેરની SGVP ઈન્ટનેશનર સ્કૂલ,સમીર કનુભાઈ માણેકલાલ સ્કૂલ, શાંતિ એશિયાટિક સહિત વિવિધ ૩૭ સ્કૂલોનો સમાવેશ થાય છે. મહત્વનું છે કે અગાઉ પણ શાળાઓને નોટીસ આપવામાં આવતા શાળાઓને તેની અવગણના કરી હતી જે બાદ ફરી નોટીસ ફટકારવામાં આવી જો આ વખતે ફાયર સેફ્ટિ સર્ટિફિકેટ જે શાળાઓ નહીં ધરાવતી હોય તે શાળાને તાળા મારવા સુધીની કાર્યવાહી કરવામાં આવી શકે છે.

## મુંબઈમાં મેટ્રો ફલાય ઓવર બ્રીજ ચાલુ કામે જ તૂટી પડ્યો

મુંબઈ,

મુંબઈમાં મેટ્રો ફલાય ઓવર બ્રીજનું કામ ચાલુ હતુ તે સમયે જ બ્રિજ તૂટી પડતા અનેક લોકો ઘવાયા. આજકાલ પુલ અને અન્ય મોટા કન્ટ્રક્શન કરતી કંપનીઓ વિવાદ માં આવી ગઈ છે અને ચાલુ બાંધકામે જ પુલ તૂટી પડતા હોવાના વધેલા કિસ્સા વચ્ચે મુંબઈના બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ વિસ્તારમાં મેટ્રો માટે તૈયાર થઈ રહેલો ફલાયઓવરનો એક ભાગ તૂટી પડતા ભારે અફરા તફરી મચી હતી. આજે શુક્રવારે સવારે ૪.૪૦ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી, જેમાં ૨૧ લોકો ઘાયલ થયા હતા, જેમને વિનદેસાઈ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘટના બાદ પોલીસ અને ફાયરબ્રિગેડના અધિકારીઓ સ્થળ ઉપર પહોંચ્યા હતા અને બચાવ કામગીરી શરૂ કરી હતી. મુંબઈમાં બીકેસી મુખ્ય માર્ગ અને સાન્તાક્રુઝ-ચેમ્બુર લિંક રોડને જોડતા અંડર કન્સ્ટ્રકશન ફલાયઓવરનો ભાગ સવારે ૪:૩૦ વાગ્યાની આસપાસ તૂટી પડતા ભારે ભાગદોડ મચી ગઈ હતી.

## કાર્યકરોએ EVMથી એલર્ટ રહેવુ પડશે : અખિલેશ યાદવ

ઉત્તરપ્રદેશ,

સમાજવાદી પાર્ટીના અખિલેશ યાદવે કહ્યુ હતુ કે, કાર્યકરોએ ઈવીએમથી એલર્ટ રહેવુ પડશે.૨૦૨૨ માટે પાર્ટીના કાર્યકરોએ નિષ્ઠાપૂર્વક કામ કરવુ પડશે અને ભાજપના મેલા ઈરાદાઓથી સતર્ક પણ રહેવુ પડશે.આ વખતે ચૂંટણી મથકો પર ભાજપ નજર બગાડી શકે છે. આ સબંધમાં સમાજવાદી પાર્ટી ચોક્કસ રણનીતિ બનાવી રહી છે. તેમણે કહ્યુ હતુ કે, ભાજપના બોગસ પ્રચારમાં જાહેરાતોની સ્થિતિ બહુ ખરાબ છે. જેમાં સમાજવાદી પાર્ટીની સરકારે કરેલા કામોને ભાજપની સરકાર પોતાના કામોમાં ગણાવી રહી છે. એટલે સુધી કે પશ્ચિમ બંગાળના ફલાય ઓવરને ભાજપે



યુપીનો ગણાવી દીધો છે અને તેને મુખ્યમંત્રીના ફોટા સાથે રજૂ કરવામાં આવી રહ્યો છે. જ્યાં પણ સારૂ કામ થયુ છે તેને ભાજપ પોતાનુ કામ ગણાવી રહી છે.દેશના સૌથી મોટી રાજ્ય યુપીમાં વિધાનસભાની ચૂંટણીઓની હજી જાહેરાત નથી થઈ અને તે પહેલા જ ઈવીએમ પર વિરોધી પાર્ટીઓએ શંકા ઉઠાવવા માંડી છે.


કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એસ. યુ. પટેલ

મુ. ગાજીપુર, તા. મોરવા(હ)



કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

સી. એ. તાવીયાડ

મુ. તાજપુરી, તા. મોરવા(હ)



### જાહેર નોટીસ

**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, શહેરા, પ્રાંત શહેરાની કોર્ટમાં મુ. શહેરા, તા.શહેરા**

**અરજદાર : પગી રતનસિંહ અનોપસિંહ**

**રહે :- દલવાડા, તા.શહેરા, જી.પંચમહાલ**

**વિરૂદ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, દલવાડા, તા.શહેરા, જી.પંચમહાલ.**

આથી જાહેર જનતા આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારશ્રીના દાદી નામે પગી ચંદાબેન ધુળાભાઈનું તા.૨૫/૦૭/૧૯૮૪ ના રોજ મોજે-દલવાડા, તા.શહેરા, જી.પંચમહાલ મુકામે મરણ થયેલ. જે બાબતની નોંધ જેતે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે દાદીના મરણની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૩૦૩/૨૦૨૧ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે મરણની નોંધણી સામે કોઇનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદ્દત સમયમાં કોઇ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.

આજ તા.૦૬ માહે સપ્ટેમ્બર સને ૨૦૨૧નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ
પ્રાંત શહેરા



### કાલોલ નગર પાલિકા

**વ્યવસાય વેરા તા. ૩૦/૦૯/૨૦૨૧ પહેલા ભરવા અંગેની સુચના**

કાલોલ નગરપાલિકાની હદમાં વ્યવસાય વેરા શિડયુલ-૧ના એન્ટ્રી ૨ થી ૧૦ માં સમાવિષ્ટ વ્યવસાય કરતાં વ્યવસાયીઓએ (વેતનદરો અને પગારદારો સિવાયના) રાજય સરકારના નોટીફીકેશન નં. GHN (9) PFT - 2008 -S-2- (aa) (1)-TH તારીખ ૦૧/૦૪/૨૦૦૮ થી સુપ્રત કરેલ સત્તાઓ અનુસાર ૨૦૨૧/૨૨ ના વર્ષ માટે ભરવા પાત્ર વ્યવસાય વેરા ભરવાની છેલ્લી તારીખ ૩૦/૦૯/૨૦૨૧ નાં રોજ પુરી થાય છે. જેથી તા. ૩૦/૦૯/૨૦૨૧ સુધીમાં અત્રેની નગર પાલિકાની કચેરીમાં કચેરીના સમય દરમ્યાન સવારના ૧૦:૩૦ થી ૨:૦૦ તથા ૨:૩૦ થી ૫:૦૦ સુધીમાં ભરપાઈ કરી સહકાર આપવા વિનંતી કરવામાં આવે છે છતાં પણ જો વ્યવસાયવેરાના નાણાં જમાં કરાવવામાં નહીં આવે તો બાકી પડતા વ્યવસાયવેરાનાં નાણાં ૧૮% વ્યાજ તેમજ દંડનાત્મક કાર્યવાહી સહ વસૂલ કરવા મહેસુલી રાહે પગલા ભરવામાં આવશે.

વધુમાં જે કરદાતાઓ વ્યવસાય વેરાને પાત્ર થતા હોય પરંતુ તેઓએ વ્યવસાયવેરો ભરવા માટે હજુ સુધી રજીસ્ટ્રેશન કરાવેલ ન હોય અને વ્યવસાય વેરો ભરેલ ન હોય તેવા કરદાતાઓ જ્યારથી વ્યવસાય વેરો ભરવાને પાત્ર થતા હોય ત્યારથી દંડ તથા વ્યાજ સાથે વ્યવસાયવેરો ભરવા કાલોલ નગરપાલિકાની કચેરી માંથી અરજી પત્રક મેળવી અરજી પત્ર ભરી આપી ભરવા પાત્ર થતી રકમ કચેરીમાં જમાં કરાવી દેવા વિનંતી કરવામાં આવે છે.

સહી
(એમ.એ.સોલંકી)
ચીફ ઓફિસર
કાલોલ નગરપાલિકા
જી. પંચમહાલ

માહિતી/ગોધરા/૫૧૧/૨૦૨૧

# પ્રધાનમંત્રીના જન્મ દિને મહીસાગર જિલ્લાના તમામ તાલુકાઓમાં ગરીબોની બેલી સરકાર થીમ હેઠળ કાર્યક્રમો યોજાયા



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા, રાજય સરકાર દ્વારા પ્રધાનમંત્રીના જન્મદિને ગરીબોની બેલી સરકાર થીમ હેઠળ રાજયભરમાં કાર્યક્રમ યોજાયા હતા. જે અન્વયે મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના દિવડા કોલોની એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલસ્કૂલમાં પણ પ્રધાનમંત્રી ઉજજવલા યોજના-૨.૦ સહિતના લાભોનું લાભાર્થીઓને વિતરણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોરે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને જન્મદિનની શુભેચ્છાઓ પાઠવતાં કહ્યું હતું કે , આપણા પનોતા પુત્ર તથા ગરીબોના બેલીપ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૧ માં જન્મદિવસની ઉજવણી નિમિત્તે આપણે સૌ એકઠા થયા છીએ છે. ત્યારે જન્મદિવસ નિમિત્તે રાજ્યમાં અનેક સ્થળોએ કાર્યક્રમો યોજાયા છે. ગરીબો અને વંચિતોને ગેસ, આવાસ, પાણી, વીજળી, રસ્તા સહિતના વિવિધ લાભો મળે તે માટે સરકાર સતત કામ કરી રહી છે.

વધુમાં જણાવ્યું હતું કે, રાજયમાં રસીકરણ અભિયાનની મહાડ્રાઈવ યોજાઈ છે. જેમાં મહીસાગર જીલ્લામાં પણ આ રસીકરણનું અભિયાન હાથ ધરાયું છે. જેમાં જીલ્લામાં લોકોને આ અભિયાનમાં રસીકરણ હેઠળ આવરી લેવાશે. જેમાં બાકી રહેતા તમામ લોકોને રસીકરણ કરાવવા અપીલ કરી હતી. વેક્શીન સંપૂર્ણપણે સુરક્ષિત હોવાનું પણ જણાવ્યું હતું.

આ અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના મુખ્ય કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાયું હતું. સાથે પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના અંગેની ફિલ્મનું નિદર્શન કરવામાં આવ્યું હતું. સ્વાગત પ્રવચન નાયબ જિલ્લા વિકાસ અધિકારી એસ.કે.પટેલે અને આભાર દર્શન તાલુકા વિકાસ અધિકારી એ કર્યું હતું.

આ પ્રસંગે મહાનુભાવોના હસ્તેગરીબોની બેલી સરકાર કાર્યક્રમ અંતર્ગત મહીસાગર જિલ્લામાં પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના હેઠળ કુલ ૧૨૦૦ લાભાર્થીઓને વિનામૂલ્યે ગેસ કીટ તેમજ લાભાર્થીઓને ગેસ કનેકશનના સબસ્ક્રીપ્શન વાઉચરનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જિલ્લામાં કોરોના રસીકરણ મહાઝુંબેશનું આયોજન કરાયુ હતું. ઉપરાંતસ્વચ્છ ભારત મિશન યોજનાનાકામોને મંજુરી અપાઈ હતી. મુખ્યમંત્રી બાલ સેવા યોજનાના ૨૫ લાભાર્થીઓનેસહાયનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત દિવડાનાસરપંચ સંગીતાબેનનું સન્માન કરાયું હતું. ત્યારબાદ મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા કલેકટર ડો. મનીષકુમાર, જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી, પ્રાયોજના વહીવટદાર પાટીદાર, પ્રાન્ત અધિકારી કૌશીક જાદવ, કડાણા તાલુકા પંચાયત પ્રમુખ કમલેશભાઈ પાદરીયાતેમજ અધિકારીઓ પદાધિકારીઓ સહિત લાભાર્થીઓ ઉપસ્થિત રહયાં હતા.

# મલેકપુરમાં DJના તાલે ગણેશજીનું વિસર્જન



તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર, મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના મલેકપુર પંથકમાં આજે ડી.જેના તાલે ગણેશજીનુ વિસર્જનનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.આમ આજે ગણપતિ વિસર્જનમાં ભારે ભક્તોની ભીડ જોવા મલી હતી.જ્યારે ગણેશ ચતુર્થીના દિવસે લોકો પોતાના ઘરોમાં ગણેશજીની પ્રતિમાનું વિધિ વિધાનથી સ્થાપન કરે છે. પછી તેને પૂરા આદર સત્કાર સાથે એક, ત્રણ, પાંચ કે દસ દિવસ સુધી પોતાના ઘરમાં રાખે છે અને ત્યારબાદ ગણેશજીનું વિસર્જન કરવામાં આવે છે.આમ આજરોજ મલેકપુર ગામે એકબાજુ પુરજોષમાં મેઘરાજાનુ આગમન જોવા મલ્યુ હતું.જ્યારે બીજુ બાજુ ગણપતિ બાપાની વિસર્જનમાં ભક્તો ભારે ભીડ સાથે અને ડીજેના તાલ સાથે બાપાનુ વિસર્જન કરવામાં આવ્યુ હતુ.આમ પુરજોષ વરસાદ હોવા છતાં પણ ભક્તોની ભગવાન પ્રત્યેની ભારે આસ્થા જોવા મલી હતી. વરસાદી માહોલમાં પણ ભકતો રાસ ગરબા અને ડી.જે.તાલ સાથૈ નાસ્તા જતા અને ગણપતિ બાપા મોર્યો અને ઘી માં લાડુ ચોરીયા તેવા ભક્તિભાવના નારાઓ સાથે ભક્તો દ્વારા ગણપતિજીનુ વિસર્જન કરવામાં આવ્યુ હતું.

આમ દર વર્ષની જેમ આ વર્ષ પણ મલેકપુર યુવક મંડળના યુવાનો દ્વારા પણ ગણપતિની મુર્તિની વિધિવત રીતે ગણેશજીની સ્થાપના પણ કરવામાં આવી હતી અને સાત દિવસ સુધી આરતી પુજા તેમજ દુધાળા દેવ ગણપતિજી આરધાના કરવામાં આવી હતી. આમ સમગ્ર માહોલ ગણપતિ બાપા મોરયોના ગુજના સાથે ગુજી ઉઠયો હતો અને આજરોજ ડિ.જેના તાલના સાથે તેમજ અબિલ ગુલાલ ના છંટકાવ સાથે મલેકપુર ગામે વરઘોડો કાઠી અને ગરબાની રમઝટ સાથે મલેકપુર નજીક આવેલ મહીનદી કીનારે ગણપતિ બાપાનું વિસર્જન કરવામાં આવ્યુ હતું.

# પંચમહાલ જીલ્લા વહીવટી તંત્ર અને રાજ્ય મહિલા આયોગ દ્વારા હાલોલ ખાતે નારી સંમેલન યોજાયું



તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ, ગુજરાત રાજ્ય મહિલા આયોગ, ગાધી નગર તથા જિલ્લા વહીવટતંત્ર દ્રવરા આયોજીત નારી સમેલન તાલુકા હાલોલ ખાતે હાજરી આપી. ગુજરાત રાજ્ય મહીલા આયોગના અદયક્ષ લીલાબેન અંકોલીયાના માર્ગદર્શન હેઠળ નારી અદાલત પંચમહાલ જિલ્લાના જીલ્લા કો ઓર્ડીનેટર હિરલબેન પંડ્યા દ્વારા મહિલાઓ મહિલાલક્ષી કાયદાની માહિતી આપી અને નારી અદાલત ની વિસ્તૃત માહિતી આપી નારી અદાલત મહીસાગર જિલ્લાના જીલ્લા કો.ઓર્ડીનેટર મુકતીબેન જોશી દ્વારા મહિલાઓને સરકારી યોજનાની માહિતી આપવામાં આવી. આ સંમેલનમાં તાલુકા વિકાસ અધિકારી એસ. એન. તડવી જિલ્લા પંચાયત ના મહિલા અને બાળ સમિતિના ચેરમેન પ્રેમીલાબેન પરમાર, મિતલબેન .એસ.પંડ્યા, કલ્પનાબેન જોશી અને અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યાં અને મોટી સંખ્યામાં મહિલાઓ લાભ લીધો. નારી સંમેલન તારીખ ૧૬/૯/ ૨૦૨૧ ના રોજ પંચમહાલ જિલ્લાના તાલુકા હાલોલ/ કાલોલમાં યોજવામાં આવ્યો ગુજરાત રાજ્ય મહિલા આયોગ, ગાંધીનગર તથા જિલ્લા વહીવટતંત્ર દ્વારા આયોજીત નારી સમેલનમા ગુજરાત રાજ્ય મહીલા આયોગના અધ્યક્ષ લીલાબેન અંકોલીયાના માર્ગદર્શન હેઠળ નારી અદાલત પંચમહાલ જિલ્લાના જીલ્લા કો ઓર્ડીનેટર હિરલબેન પંડ્યા દ્વારા મહિલાઓ ને મહિલાલક્ષી કાયદા ની માહિતી અને નારી અદાલતની વિસ્તૃત માહિતી આપી નારી અદાલત મહિસાગર જિલ્લાના જિલ્લા કો ઓર્ડીનેટર મુકતિબેન જોષી દ્વારા મહિલાઓને સરકારી યોજનાની માહિતી આપવામાં આવી. આ સંમેલનમાં તાલુકા વિકાસ અધિકારી હાલોલ/ કાલોલ. જિલ્લા પંચાયતના મહિલા અને બાળ સમિતિના ચેરમેન પ્રેમીલાબેન પરમાર, તાલુકા પ્રમુખ હાલોલ કાલોલ.અને અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યાં અને મોટી સંખ્યામાં મહિલાઓ હાજર રહી.

# ઘોંઘબા તાલુકાના ભિલોડગામે નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની અનોખી ઉજવણી



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોંઘબા, ઘોઘંબા તાલુકાના ભિલોડ ગામે ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો દ્વારા ૧૭ ઓગસ્ટના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિતે ભિલોડ ગામના નીલકંઠ મહાદેવના સ્થાનિધ્યમાં ભવ્ય શિવ શક્તિ મહાયજ્ઞ તેમજ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું. ભારતના લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી કે જેમનો લોક કલ્યાણ માટેનો એક મંત્ર છે. કે ભહુજ ન હિતાય ભહુજ ન સુખાય જેથી ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિતે રાષ્ટ્ર કલ્યાણ અને વિશ્વ શાંતિ માટે ભારત વર્ષના કલ્યાણ થાય તેવા સિદ્ધ હેતુથી પ્રકાંડ પંડિતો મંત્ર ઉંચારોથી શિવ શક્તિ મહાયજ્ઞ કરી. સમરસ ગ્રામ પંચાયત તરીકે ગણા નાનકડા ગામમાં શિવ ભક્તોએ યજ્ઞનમાં ઉપસ્થિત રહીને યોગ દાન આપી દર્શનનો લાવો લીધો.ભારતીય જનતા પાર્ટીના કાર્યકર જયપાલસિંહ રાઠોડની વિચાર શરણી તેમજ ગ્રામજનોના સહકારથી ગુજરાતના લોકલાડીલા નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસ નિમિતે રાખેલ શિવ શક્તિ મહાયજ્ઞ કરી. એક અનોખી રીતે નરેન્દ્રભાઈ મોદીની ૭૧ મી વર્ષગાંઠની ભારતીય સંસ્કૃતિ પ્રમાણે રાષ્ટ્ર કલ્યાણ માટે નીલકંઠ મહાદેવ ના સ્થાનિધ્યમાં પંચમહાલ જિલ્લા નો રાજકીય આગેવાનો પણ જોવા મળ્યા હતાં. પંચમહાલ જિલ્લા ના જિલ્લા પ્રમુખ કામિનીબહેન સોલંકી, ૧૨૭ વિધાનસભાના ધારાસભ્ય સુમનબેન ચૌહાણ,માજી જિલ્લા પ્રમુખ કાલોલ તાલુકાના ભારતીય જનતા પાર્ટીના આગેવાનો તેમજ ઘોંઘબા તાલુકા પંચાયતના પ્રમુખ રંગેસ્વરીબેન રાઠવા, ઉપપ્રમુખ છેલુંભાઈ રાઠવા, તેમજ સક્રિય કાર્યકરોએ દર્શનનો લાવો લીધો હતો.

# શહેરા ભાજપ દ્વારા વડાપ્રધાનના જન્મ દિવસે રેફરલ હોસ્પિટલમાં ફળ-ફળાદી વિતરણ કરાયું

શહેરા, શહેરા તાલુકા ભાજપ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસને લઈને રેફરલ હોસ્પિટલ ખાતે દર્દીઓને ફળફળાદીનું વિતરણ કરવા સાથે માર્કેટિંગ યાર્ડખાતે વિવિધ છોડોનું વૃક્ષારોપણ કરવામાં આવેલ હતું. શહેરા નગર અને તાલુકામાં ભારતીય જનતા પાર્ટી દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસને તાલુકા ભાજપ પ્રમુખ મગનભાઈ પટેલિયા, મહામંત્રી સંજયભાઈ બારીયા, હસમુખભાઈ વણાકર તેમજ રમણભાઈ રાઠોડ અને મહેશ ભાઈ સોલંકી સહિત કાર્યકરો રેફરલ હોસ્પિટલ ખાતે પહોંચી જઈને સારવાર અર્થે દાખલ થયેલા દર્દીઓને ફળફળાદી નું વિતરણ કરવામાં આવેલ હતુ. માર્કેટિંગ યાર્ડ ખાતે ચેરમેન રંગીત બામણીયા, વાઈસ ચેરમેન જશુભાઈ પટેલ, અરવિંદભાઈ પરમાર અને રાજુભાઈ સોલંકી સહિત ફરજ બજાવતા સ્ટાફ દ્વારા લીમડો, આસોપાલવ સહિતના વિવિધ છોડોનુ વૃક્ષારોપણ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દીર્ઘ આયુષ્ય માટે પ્રભુને પ્રાર્થના કરી હતી. જ્યારે તાલુકામાં ભાજપ કાર્યકરો દ્વારા શાળામાં તેમજ ગ્રામ પંચાયત કચેરી ખાતે વૃક્ષારોપણ સહિત કેક કાપીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણી કરી હતી.



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ તાલુકા ડેરોલગામ બીલીયાપુરા નંદઘર ખાતે નરેન્દ્રભાઈ મોદીના ૭૧માં જન્મદિવસ નિમિત્તે કોરોના વેક્સિનેશન કામગીરીનું આયોજન કર્યું. ડેરોલગામ બીલીયાપુરા ખાતે નંદઘર આંગણવાડી-૧ પર ડેરોલગામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સ્ટાફ તેમજ આંગણવાડી કાર્યકારોએ સવારે ૭ થી ૧૦ કલાક સુધીમાં નરેદ્રભાઈ મોદીના ૭૧મી વર્ષગાંઠના આંક ઉપરાંત ૮૦ લોકોને પ્રથમ અને દ્વિતીય કોરોના વેક્સિનેશનની કામગીરી થઈ છે.

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલી



પિતા આપ ભગવાનનું સ્વરૂપ છો, નથી હયાત પણ સાથે જ છો એવું લાગ્યા કરે છે. હરપલ આપની ઉપસ્થિતીનો આભાસ થયા કરે છે. ક્યારેક તમારી કહેવાયેલી વાતોના ભણકારા વાગ્યા કરે છે. યાદમાં તમારી પ્રત્યક્ષ દર્શન થાય છે. પ્રભુ તમારા દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. ચીનુભાઈ ચંદુભાઈ પટેલ
સ્વ.તા.18/09/2021

શ્રી ભરતભાઈ ચંદુભાઈ પટેલ
શ્રી દિલીપકુમાર ચીનુભાઈ પટેલ
દિવ્ય દિલીપકુમાર પટેલ
મુ. પુસર, તા. કાલોલ, જી.પંચમહાલ.

# લુણાવાડા શહેરના શ્રીગણેશની ઝાંખીઓ.......













તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા













દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ જિલ્લામાં ગરીબોની બેલી સરકાર અંતર્ગત ગરીબ હિતલક્ષી વિવિધ કાર્યક્રમો યોજાયા



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીના જન્મદિવસે દાહોદ જિલ્લામાં ગરીબોની બેલી સરકાર કાર્યક્રમ તમામ તાલુકાઓ સહિત સમગ્ર જિલ્લામાં યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત દાહોદ નગરમાં સ્વામી વિવેકાનંદ સંકુલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં નવનિયુક્ત સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી અને દાહોદ જિલ્લાના પ્રભારી મંત્રી રાઘવજીભાઇ મકવાણાએ જિલ્લામાં પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના ૨.૦નો પ્રારંભ કરાવ્યો હતો. આ ઉપરાંત રાજ્યમંત્રીએ સ્વચ્છ ભારત મિશનનાં બીજા તબક્કા હેઠળ ૧૦૦ દિવસીય અભિયાનનો પણ શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રી બાળસેવા યોજનાના ૭૫ લાભાર્થીઓને સીધી સહાય તેમના ખાતામાં જમા કરવામાં આવી હતી. તેમજ જે ગામનું ૧૦૦ ટકા કોરોના રસીકરણ થયું હોય તેવા સરપંચોનું સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રધાનમંત્રીનાં જન્મદિવસે સભાસ્થળે સંબોધન કરતાં પ્રભારી મંત્રી મકવાણાએ જણાવ્યું કે, ગ્રામ્યવિસ્તારોનો સંપૂર્ણ વિકાસ થાય એ માટે સરકાર કટિબદ્ધ છે. દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૧૬માં શરૂ કરવામાં આવેલી પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજનાનો લાભ ૧,૮૩,૩૦૧ પરિવારોએ લીધો છે. જયારે આ યોજનાના બીજા તબક્કાનો અહીંથી આરંભ કરાવતા એ વાતનો ખાસ ઉલ્લેખ કરીશ કે જિલ્લાના નવા ૧૭૧૯૨ પરિવારોને આ યોજનાના બીજા તબક્કામાં સમાવેશ કરવામાં આવશે અને આજે જ જિલ્લાનાં ૧૮૦૦ લાભાર્થીઓને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે.

તેમણે જણાવ્યું કે, જિલ્લામાં સ્વચ્છ ભારત મિશનનાં બીજા તબક્કાનો પણ આજથી પ્રારંભ કરવામાં આવે છે. આ બીજા તબક્કામાં જિલ્લામાં ૧૦૦ દિવસ સુધી વિશેષ અભિયાન ચલાવવામાં આવશે. જેમાં ગામોને ઓડીએફ પ્લસ બનાવવાનો લક્ષ્યાંક છે. આ ૧૦૦ દિવસમાં ૧૩ હજાર સુધીના વ્યકિતગત શોકપીટ બનાવશે. જે અનુસંધાને ૨૦૦૦ શોકપીટને વહીવટી મંજૂરી પણ આપી દેવામાં આવી છે. તેમજ ગામ દીઠ ૫ સામુહિક શોકપીટ બનાવાશે. જેમાં ૧૫૦ ને વહીવટી મંજૂરી આપી દેવામાં આવી છે.

તેમણે આજના મહારસીકરણ અભિયાન વિશે આહ્વાન કરતાં જણાવ્યું કે, જિલ્લામાં ૮૫ ટકાથી વધુ લોકોએ કોરોનાની વેક્સિન લઇ લીધી છે. ત્યારે આજનાં દિવસે ૯૯ હજાર લોકોને વેક્સિન આપવાના અભિયાનને સફળતા મળે એ માટે જનસહયોગ આવશ્યક છે.

સાંસદ જસવંતસિંહ ભાભોરે પ્રધાનમંત્રીને જન્મદિવસની શુભકામનાઓ પાઠવતા જણાવ્યું કે, દાહોદ જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં રૂ. ૫૨૨૧ કરોડનાં જનવિકાસના કાર્યો કરવામાં આવ્યા છે. પ્રધાનમંત્રીએ કૃષિમહોત્સવ, શાળા પ્રવેશોત્સવ, જયોતિગ્રામ યોજના, વનબંધુ યોજના જેવી અનેક યોજનાઓની શરૂઆત કરાવીને ગુજરાતનાં ગ્રોથ એન્જિનને ધમધમતું રાખ્યું છે. દાહોદ જિલ્લામાં પ્રધાનમંત્રીએ પીવાના તેમજ સિંચાઇના પાણીની યોજનાઓ, સ્માર્ટ સીટી, મેડીકલ કોલેજ વગેરે દ્વારા જિલ્લાના વિકાસને નવો આયામ આપ્યો છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી બાળસેવા યોજનાના લાભાર્થીઓને સીધી સહાય આપવામાં આવી હતી. તેમજ પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજનાના લાભાર્થીઓને સહાય આપવામાં આવી હતી.

પ્રભારી મંત્રી મકવાણાએ ગૌશાળાની તેમજ બોરવાણી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લઇ ત્યાં અપાતી સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી તેજસ પરમારે જિલ્લામાં યોજનારા વિવિધ જનહિતલક્ષી કાર્યક્રમોનો પરિચય આપ્યો હતો.

# લીમખેડાના ટીંબા ગામે દિપડાએ ૩ માસના બાળકને ઉપાડી મારણ કરતાં દિપડાને પકડવા માંગ



લીમખેડા,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના ટીંબા ગામનો ચકચારી બનાવ સામે આવ્યો છે. જેમાં ટીંબા ગામે ઘરમાં એક દંપતિ મીઠી નિંદર માણી રહેલ હતાં અને તેમના એક ૦૩ માસના બાળકને રાત્રીના સમયે દિપડાએ ઉપાડી લઈ જઈ નજીકના જંગલ વિસ્તારમાં લઈ ગયાં બાદ દિપડાએ માસુમ ૦૩ માસના બાળકનું મારણ કરી નાંખતાં પંથકમાં દિપડાના આ આતંકને પગલે ફફડાટ સહિત ખળભળાટ મચી જવા પામ્યો હતો. માસુમ ૦૩ માસના બાળકને દિપડાએ ફાડી ખાતા પરિવારજનોમાં આક્રંદનો માહોલ સર્જાઈ જવા પામ્યો હતો.

લીમખેડા તાલુકાના ટીંબા ગામે રહેતાં રમેશભાઈ ધનસુખભાઈ તડવી અને તેમની પત્નિ અને તેમની સાથે તેમનો ૦૩ માસના માસુમ બાળક જયેશકુમાર રમેશભાઈ તડવી સાથે રાત્રીના દશેક વાગ્યાના આસપાસ પોતાની ઘરની ઓસરીમાં સુતા હતાં. આ દરમ્યાન રાત્રીના સમયે વન્ય પ્રાણી દિપડો તેમની ઘરની ઓસરીમાં ઘુસી ગયો હતો અને માસુમ ૦૩ માસના જયેશભાઈને દિપડો ઉપાડી લઈ ગયો હતો. દિપડાએ જયેશને ખેંચી લઈ જઈ નજીકમાં આવેલ ચીલાકોટા રેન્જ કથોલીયા રેન્જના જંગલમાં લઈ જઈ ત્યાં ૦૩ માસના જયેશનું મારણ કરી નાંખ્યું હતું. રાત્રીના સમયે ઘટનાને પગલે વિસ્તારમાં ઉહાપોહ મચ્યો હતો અને હવેલી સવારે બાળકની શોધમાં પરિવારજનો નીકળી પડ્યાં હતાં જ્યાં બાળકના માસના ટુંકડાઓ નજરે પડતાં પરિવારજનો સ્તબ્ધ બન્યાં હતાં અને આ મામલાની જાણ સ્થાનીક ફોરેસ્ટ ખાતાના સત્તાધિશોને કરવામાં આવતાં ફોરેસ્ટ ખાતાના અધિકારીઓ પણ સ્થળ પર દોડી આવ્યાં હતાં. ૦૩ માસના મૃતક જયેશના મૃતદેહને જંગલમાંથી કબજે લઈ નજીકના દવાખાના પોસ્ટ મોર્ટમ માટે રવાના કરી દેવામાં આવ્યાં હતાં. આ સમગ્ર મામલે ફોરેસ્ટ ખાતાના અધિકારીઓની ટીમ દ્વારા દિપડાને પકડી પાડવા જંગલ વિસ્તારમાં પાંજરા ગોઠવી દેવામાં આવ્યાં છે. ઘટનાને પગલે ૦૩ માસના મૃતક જયેશના પરિવારજનોમાં માતમ છવાઈ ગયો હતો.



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબનાં જન્મદિવસ નિમિત્તે માન બચુભાઈ ખાબડ સાહેબ તથા દેવગઢ બારીઆ તથા ગ્રામ્ય યુવા મોરચા દ્વારા આહાર ના તમામ લાભાર્થીઓને આજે તારીખ -૧૭-૦૯-૨૦૨૧ સે બૂંદી વિતરણ કરવામાં આવેલ તથા માન બચુભાઈ ખાબડ સાહેબ તથા અન્ય કાર્યકરો એ જાતે લાભાર્થીઓના દાળ, ભાત, શાક, રોટલી, બુંદીના ટીફિન ભરી અનોખી રીતે આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ ની ઉજવણી આજે આહાર ખાતે કરેલ.

# દાહોદ જિલ્લામાં ટીબીના કેસો શોધવા માટે ખાસ સર્વે હાથ ધરાશે

દાહોદ,

ભારત સરકારના ટીબીમુકત ભારત ૨૦૨૫ અન્વયે ટીબી મુકત ગુજરાત અભિયાન ૨૦૨૨ અંતર્ગત સમગ્ર ગુજરાત રાજયમાં તા.૧૬/૦૯/૨૦૨૧ થી ૩૧/૧૦/૨૦૨૧ સુધી ૪૫ દિવસ માટે ટીબીના કેસ શોધવા માટે એકટીવ કેસ ફાઈન્ડીંગ સર્વે કરવામાં આવશે.

જે અંતર્ગત અત્રેના દાહોદ જીલ્લામાં કલેકટર ડો. હર્ષિત ગોસાવી, જીલ્લા વિકાસ અધિકારી તેજસ પરમાર અને મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. સી. ડી. પટેલના માર્ગદર્શન હેઠળ માઈક્રોપ્લાનિંગ તૈયાર કરી આરોગ્ય વિભાગની વિવિધ ટીમો, આશા બહેનો, આરોગ્ય વર્કર ભાઈઓ અને બહેનો દ્વારા તમામ ઘરની મુલાકાત લઈ ટીબી રોગના લક્ષણો જેવા કે, બે અઠવાડીયા કરતા વધુ સમયની ખાંસી, સાંજના સમયે ઝીણો તાવ આવવો, રાત્રે પરસેવો થવો, ભુખ ન લાગવી, વજનમાં ઘટાડો થવો જેવા લક્ષણો વિશે પુછપરછ કરશે અને શંકાસ્પદ લક્ષણો ધરાવતા દર્દીઓને નજીકના સામુહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર/સરકારી હોસ્પિટલમાં વધુ નિદાન માટે મોકલવામાં આવશે. જો તે શંકાસ્પદ દર્દીને સઘન તપાસ બાદ ટીબીનો રોગ માલુમ પડશે તો તેની સંપુર્ણ સારવાર ઘરે બેઠા વિનામૂલ્યે કરવામાં આવશે.

આ સર્વે દરમ્યાન આપના ઘરે આવતા આશા બહેનો અને આરોગ્ય વર્કર ભાઈ-બહેનોને સહકાર આપવા તેમજ ઘરના સભ્યોની તેમજ સામાજીક સુખાકારી અને ટીબી નિર્મુલન માટે સંપુર્ણ વિગતો સાચી આપવા જિલ્લા વહિવટી તંત્ર દ્વારા સૌને અપીલ કરવામાં આવે છે. તેમ જિલ્લા ક્ષય અધિકારી, દાહોદની યાદીમાં જણાવાયું છે.

# દાહોદ જીલ્લા સંગઠન દ્વારા વડાપ્રધાન મોદીના જન્મ દિવસની ઉજવણી કરાઈ

દાહોદ,

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આજે જન્મદિન નિમિત્તે દાહોદ શહેર સહિત જિલ્લામાં ભાજપ સંગઠન સહિત વિવિધ સંગઠન દ્વારા જન્મદિનની ઉષાબેન ઉજવણી કરી હતી. જેમાં ખાસ કરીને ભાજપ સંગઠન દ્વારા સેવા અને સમર્પણ અભિયાન તરીકે વડાપ્રધાન મોદી ના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.

ગુજરાત પ્રદેશ ભાજપા દ્વારા તારીખ ૧૭મી સપ્ટેમ્બર થી સાત ઓકટોબર સુધી સેવા અને સમર્પણ અભિયાન તરીકે ઉજવવા જઇ રહ્યું છે. ત્યારે આજરોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના જન્મદિવસ નિમિત્તે દાહોદ શહેરમાં નિર્ધારિત કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં જીવન કવચ રાષ્ટ્ર હિતના નિર્ણયો દર્શાવતી પ્રદર્શનીનું દાહોદ જિલ્લા કક્ષાનો કાર્યક્રમ આજરોજ દાહોદ નગરપાલિકામાં ટાઉન હોલ ખાતે યોજાયો હતો. ત્યારબાદ દાહોદની ગૌશાળા ખાતે ૭૧ કિલો ગોળ તથા રોટલી ગૌ માતાઓને ખવડાવવામાં આવી હતી. ભાટીવાડા સ્કૂલ ખાતે પણ સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત વૃદ્ધાશ્રમ ખાતે પણ કાર્યક્રમ યોજાયો હતો દાહોદ શહેરમાં આવેલ ભીલવાડા વોર્ડ નંબર સાત ખાતે પણ સેવાકીય કાર્યક્રમ યોજાયો હતો. ત્યારબાદ વ્યાજબી ભાવની અનાજની દુકાન પર લાભાર્થીઓનુ મોં મીઠું પણ કરવામાં આવ્યું હતું. દાહોદ શહેરના વોર્ડ નંબર-૫ માં કાર્યકર્તાઓ તેમજ કાઉન્સિલર દ્વારા કેન્સર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આમ દાહોદ શહેર સહિત જિલ્લામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

# જીવન પ્રજ્ઞા વિદ્યાલય લીમડી ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં ૭૧ માં જન્મદિવસની ઉજવણી



લીમડી,

લીમડી જીવન પ્રજ્ઞા વિદ્યાલય ખાતે વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના ૭૧ માં જન્મદિવસી નિમિતે તેમના સાથી મિત્રોનું સન્માન અને નવા યુવાઓ માટે માર્ગદર્શન સમારોહ યોજાયો હતો.

આજરોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના ૭૧માં જન્મદિવસ નિમિત્તે લીમડી નગરમાં આવેલ જીવન પ્રજ્ઞા વિદ્યાલય ખાતે મોદીજીના જૂના સાથી મિત્રો સાથે નવા યુવાનો જોડે મળી જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેનું આયોજન ઉત્કર્ષભાઈ શર્મા અને મિત્રો દ્વારા કરવામાં આવ્યું હતું.

પધારેલ મહાનુભવો વિજયસિંહ રાઉલજી જયંતીભાઈ પરમાર ભગવાનદાસ પંચાલ અરવિંદભાઇ પરીખ તથા રજનીકાંતભાઈ છાજેડ તથા અન્ય વડીલો અને લીમડી નગરના યુવાઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ઉપસ્થિત મહાનુભવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ દીપ પ્રગટાવી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન પધારેલ નરેન્દ્ર મોદીજીના સાથી મિત્ર જયંતીભાઈ પરમાર અને ઉપસ્થિત મહાનુભવો દ્વારા મોદીજીના સાથે વિતાવેલા યાદગાર પ્રસંગો યુવા વર્ગ સાથે સ્મરણ કર્યા હતા અને કામ કરવાની કરવાની પ્રેરણા આપી હતી. ઉત્કર્ષ શર્મા શર્મા દ્વારા આયોજન કરેલ કાર્યક્રમમાં પધારેલ મોદીના સાથી મિત્રો, વડીલો તથા યુવાનો ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમની પૂર્ણાહુતિ દરમિયાન કેક કાપીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ૭૧માં જન્મદિવસની ઉજવણી કરી અને તેઓ સ્વસ્થ રહે દેશ પ્રત્યે સારા કાર્યો કરે તેવી પ્રાર્થના પ્રભુને કરી હતી.

# લીમખેડાના ફુલપરી ગામે છકડા ચાલકે બાઈકને અડફેટમાં લેતાં ચાલકને ગંભીર ઈજાઓ થતાં મોત

લીમખેડા,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના ફુલપરી ગામે નદીના પુલ પર એક છકડાના ચાલકે પોતાના કબજાનો છકડો પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી ઓવરટેક કરવા જતાં એક મોટરસાઈકલને અડફેટમાં લેતાં મોટરસાઈકલ ચાલક મોટરસાઈકલ સાથે જમીન પર ફંગોળાતાં તેને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેમનું મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૧૫મી સપ્ટેમ્બરના રોજ એક છકડાનો ચાલક પોતાના કબજાનો છકડો લઈ લીમખેડા તાલુકાના ફુલપરી ગામેથી નદીના પુલ પરથી પોતાના કબજાનો છકડો પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી પસાર થઈ રહ્યો હતો. આ દરમ્યાન ત્યાંથી મોટરસાઈકલ લઈ પસાર થઈ રહેલ અરવિંદભાઈ કાળુભાઈ વાદી (ઉ.વ.૩૬, રહે.ખેટનખેડા, તા. ઝાલોદ, જિ. દાહોદ) ની મોટરસાઈકલને છકડાના ચાલકે ઓવરટેક કરવા જતાં મોટરસાઈકલને જોશભેર ટક્કર મારતાં અરવિંદભાઈ મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયા હતાં જેને અરવિંદભાઈને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું.

આ સંબંધે ઝાલોદ તાલુકાના ટાંડી ગામે નિશાળ ફળિયામાં રહેતાં કલ્યાણભાઈ વલસીંગભાઈ વાદીએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ મોટર ખરજની લગ્નમાં જવાનું કહી નીકળેલી મોટી ખરજની યુવતી ગુમ

દાહોદ,

દાહોદ તાલુકાના મોટી ખરજ ગામે રહેતા સોમાભાઇ મૂળિયાભાઇ સંગાડિયાએ દાહોદ ગ્રામ્ય પોલીસ મથકમાં એવો રિપોર્ટ નોંધાવ્યો છે કે, તેમની ૨૨ વર્ષની પુત્રી રૂપા ગત્ત તારીખ ૧૮-૦૪-૨૦૨૧ના રોજ સાંજના સમયે ફળિયામાં લગ્ન પ્રસંગે જાવ છું, એમ કહી ઘરેથી નીકળ્યા બાદ ગુમ થઇ ગઇ છે. સોમાભાઇએ સગાસંબંધીઓનો, આસપાસ તપાસ કરાવી છતાં રૂપાનો કોઇ પત્તો લાગ્યો નથી. તેણી શરીરે પાતળા બાંધાની, ગૌરવર્ણ, મોઢું લંબ ગોળ, કપાળ નાનુ, ઉંચાઇ પાંચ ફૂટ અને એક ઇંચ જેટલી છે. ગુજરાતી ભાષા જાણે છે. તેના વીશે કોઇ માહિતી મળે તો દાહોદ રૂરલ પોલીસ સ્ટેશનને ફોન નંબર ૦૨૬૧૩-૨૪૪૯૦૦ અથવા મોબાઇલ નંબર ૯૧૦૬૫-૪૪૮૭૮ ઉપર જાણકારી આપવા પોલીસ તરફથી વિનંતી કરાઇ છે.

# નાની હાંડી ગામે રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ યોજાયો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

વડાપ્રધાન દ્વારા જાહેર કરેલ ટીબી મુક્ત ભારત ૨૦૨૫ અભિયાન અન્વયે ટીબી હારેગા દેશ જીતેગા કેમ્પેન હેઠળ ઝાલોદ તાલુકાના બીલવાણી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના નાની હાંડી ગામની મહાદેવભાઈ દેસાઈ વિદ્યાલયમાં રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જિલ્લા ક્ષય કેન્દ્રમાંથી ડૉ.પી.વી.સોની, જિલ્લા ક્ષય અધિકારી, ડૉ એ.આર.ચૌહાણ મેડીકલ ઓફિસર, તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. ડી.કે.પાંડે તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના મેડીકલ ઓફિસર તથા સ્ટાફ અને ઝાલોદ તાલુકા ના ટીબી સ્ટાફ હાજર રહ્યા હતા. ટીબી અંતર્ગત કવિઝ સ્પર્ધાનું આયોજન કરી ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. ટીબી વિશે શાળાના બાળકોને વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જેમાં બાળકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. ત્યારબાદ શાળાના શિક્ષક દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. તેમ જિલ્લા ક્ષય અધિકારીની યાદીમાં જણાવાયું છે.



દે.બારીયા શહેરમાં ગણેશ મહોત્સવમાં ગણપતિ દાદાની કલાત્મક મૂર્તિઓની સ્થાપના કરી ઉજવણી કરવામાં આવી રહી છે. શહેરના સર્કલ બજાર, હોળી ચકલા તથા પારેખ શેરી, ગલાલીયા કુવા પાસે ગણપતિદાદાની અલગ અલગ કલાત્મક અંદાજમાં નજરે પડે છે.

તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ



## દાહોદ શહેર ના વિવિધ વિસ્તારોના બિરાજમાન શ્રીગણેશની પ્રતિમાના દર્શનો....









તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ









Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.23

તા.૧૮/૦૯/૨૦૨૧ શનિવાર

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## પ્રાદેશિક કમિશ્નરની મુલાકાત થી ગોધરા પાલિકા હચમચ્યું

# પશ્ચિમ વિસ્તારની ભુગર્ભ ગટરની સમસ્યાથી ત્રાહીમામ રહીશોની પ્રા.કમિશ્નરને ઉગ્ર રજૂઆત



**ગોધરા નગર પાલિકાની મુલાકાત માટે આવેલ પ્રાદેશિક કમિશ્નર વડોદરાને પશ્ચિમ વિસ્તારની સમસ્યાઓને લઈ લેખિતમાં રજુઆત કરવામાં આવી હતી. પશ્ચિમ વિસ્તારમાં ભુર્ગભ ગટર લાઈનની કામગીરી ફેલ ગયેલ હોય પરિણામે ચોમાસાની સીજનમાં ગટરો ઉભરાવાની તેમજ વરસાદી પાણીના નિકાલની સમસ્યાને લઈ રોગચાળો ભરડો લઈ રહ્યો છે. તેવી રજુઆતને પગલે પાલિકાની મુલાકાતે આવે પ્રાદેશિક કમિશ્નર વડોદરા દ્વારા પશ્ચિમ વિસ્તારની મુલાકાત લેવામાં આવી હતી અને સ્થાનિક રહિશોની સમસ્યા સાંભળીને સમસ્યા અને ઉદ્દભવતા પ્રશ્નો હલ કરવાની ખાત્રી આપી હતી.**

- પ્રાદેશિક કમિશ્નર એ પશ્ચિમ વિસ્તારની મુલાકાત લઈ સ્થાનિકોની રજુઆત સાંભળી હલ કરવાની ખાત્રી આપી.
- પ્રાદેશિક કમિશ્નર સમક્ષ પાલિકા તંત્રની લાલીયાવાડીની પોલ ખૂલી પડી.

ગોધરા,

ગોધરા નગર પાલિકાના પશ્ચિમ વિસ્તારમાં નહી કરવામાં આવતાં વોર્ડ નં.૭ વિસ્તારની ગલીઓમાં રહેણાંક ઘરોમાં વરસાદી ગંદા પાણી ભરાવાની સમસ સર્જાવા પામી છે. સ્થાનિક રહિશો તેમજ પાલિકા સભ્ય દ્વારા અનેકવાર રજુઆત છતાં પાલિકા તંત્ર દ્વારા કામગીરી નહિ કરવામાં આવતાં આજરોજ ગોધરા નગર પાલકાની મુલાકાત માટે આવેલ પ્રાદેશિક કમિશ્નર વડોદરાને નગર પાલિકા સભ્ય દ્વારા લેખિત રજુઆત કરવામાં આવી હતી. પશ્ચિમ વિસ્તારની સમસ્યાને લઈ પ્રાદેશિક કમિશ્નર દ્વારા આ વિસ્તારની મુલાકાત લેવામાં આવી હતી.

ગોધરા નગર પાલિકા ખાતે આજરોજ પ્રાદેશિક કમિશ્નર નગર પાલિકાઓ વડોદરા એ મુલાકાત માટે આવ્યા હતા. નગર પાલિકા ખાતે આવેલ પ્રાદેશિક કમિશ્નરને ગોધરા શહેરના પશ્ચિમ વિસ્તારની સમસ્યાઓને લઈ સ્થાનિક પાલિકા સભ્ય અને શહેર કોંગ્રેસ સમિતિના સિદ્દીક મોહમંદખા ડેની દ્વારા લેખિત રજુઆત કરવામાં આવી હતી. પશ્ચિમ વિસ્તારમાં ભૂર્ગભ ગટર લાઈનની કામગીરી ફેલ ગયેલ છે. તેમાં પણ નગર પાલિકા દ્વારા વોર્ડ નં.૭ વિસ્તાર સહિત અનેક વિસ્તારોમાં પ્રિમોન્સુન કામગીરી કરવામાં આવેલ ન હોય પરિણામે ચોમાસાની સીજનમાં વરસાદી પાણીના નિકાલના અભાવે ગલી, મહોલ્લાઓમાં રહેણાંક મકાનમાં વરસાદી પાણી સાથે ગંદા પાણી ઘરમાં ઘુસી જવાની સમસ્યા ઉભી થવા પામી હતી. પાલિકા તંત્રને સ્થાનિક કાઉન્સીલર દ્વારા અવારનવાર લેખિત, મૌખિક રજુઆત ચીફ ઓફિસરને કરવા છતાં સમસ્યા હલ નહિ કરતાં સ્થાનિક રહિશો દ્વારા સ્વખર્ચે પાણી નિકાલ કરવામાં આવ્યો હતો. ચોમાસાની સીજનમાં ભૂર્ગભ ગટર લાઈન ફેલ હોવાને લઈ પાણીનો નિકાલ ન થવાને લઈ ગંદકીનું સામ્રાજય જોવા મળે છે. મચ્છરનો ઉપદ્રવ વધવાથી ડેન્ગ્યુ, ચીકનગુણીયા, મેલેરીયા જેવા રોગોના ભોગ લોકો બની રહ્યા છે. તેમ છતાં પાલિકા તંત્ર દ્વારા આવા વિસ્તારના રહિશોની સમસ્યા હલ કરવામાં નિષ્ફળ રહ્યા છે.

પાલિકાના ચુંટાયેલા કાઉન્સીલર દ્વારા લેખિતમાં રજુઆત કરાઈ કે ચોમાસાની સીજન પહેલા શહેરના અનેક વિસ્તારના સી.સી.રોડ, આર.સી.સી.રોડ, ડામર રોડ જેવા કામો કરવામાં આવ્યા છે. તેવા તમામ રસ્તાઓની હાલત ખખડધજ છે. ત્યારે આ રોડ રસ્તાની કામગીરી કરનાર ઈજારેદાર કોન્ટ્રાકટરોને નોટીસ પાઠવીને દંડ સાથે નવા રસ્તાઓ બનાવવામાં આવે તેવી નોટીસ આપવી, પશ્ચિમ વિસ્તારના અનેક રસ્તાઓને ઘણા સમય થી મંજુર કરવામાં આવ્યા છે. તે ચોમાસાની સીજન પછી સત્વરે રસ્તાની કામગીરી કરાવવી, પશ્ચિમ વિસ્તારોમાં ડોર ટુ ડોર કચરા કલેકશન માટે અઠવાડીયે ચાર થી પાંચ દિવસે કચરા કલેકશન માટે ગાડી આવે છે. તે રોજેરોજ આવે તેવી સુચના કરવી, વોર્ડ નં.૭ સહિત અનેક વિસ્તારોમાં સાફસફાઈ માટે સફાઈ કામદારો આવતાં ન હોય ત્યારે સફાઈ કામદારો વધારવામાં આવે સાથે ગોધરા પાલિકામાં કર્મચારીઓની નવી ભરતી કરવામાં આવી છે. તે ભરતી નિયમ મુજબ થયેલ છે. તેના અહેવાલ માંગવામાં આવે. હાલમાં પાલિકાનો વહીવટ માત્ર કાગળ ઉપર ચાલતો હોય ત્યારે કામ કરેલ બીલની તપાસ માટે વીજીલન્સ તપાસ સોંપવામાં આવે તો ખૂબ મોટા ભ્રષ્ટાચાર બહાર આવે તેમ છે. આમ, વિવિધ મુદ્દાઓ સાથે ગોધરા પાલિકામાં ચુંટાયેલ કાઉન્સીલર સિદ્દક મોહમંદખા ડેની દ્વારા પ્રાદેશિક કમિશ્નરને લેખિતમાં રજુઆત કરવામાં આવી હતી.

## શહેરા દલવાડા દુધ ઉત્પાદક મંડળીના સેક્રેટરી પંચમહાલ ડીસ્ટ્રીક બેંકમાં ઉપાડેલ રૂા.૧.૩૫ લાખનું પાકીટ ગઠીયો ઉઠાવી ફરાર



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા પંચમહાલ ડીસ્ટ્રીક બેંક માંથી ખોડીયાર દલવાડા દૂધ ઉત્પાદક મંડળીના સેંક્રેટરીએ દૂધ સભાસદોના પગાર માટે રૂપિયા ૧,૩૫,૦૦૦ ઉપાડ્યા હતા. બેંક માંથી તેઓએ રૂપિયા ઉપાડીને પાકીટમાં મૂકીને રીક્ષામાં બેસી રહયા હતા. ત્યારે અજાણ્યા ઈસમો આવીને તમારા રૂપિયા જમીન પર પડી ગયા તેમ કહીને રૂપિયા ભરેલ પાકીટ લઈને છૂમંતર થઈ ગયા હતા. આ મામલે દૂધ ડેરીના સેંક્રેટરી દ્વારા પોલીસ મથક ખાતે ફરિયાદ નોંધાઇ હતી. આ બેંક ખાતે ૧૦૦થી વધુ દૂધ મંડળીનો પગાર થતો હોય ત્યારે પોલીસ દ્વારા આ બાબતને ગંભીરતાથી લઈને ચાલબાજ ગેંગને ઝડપથી પકડી પાડવામાં આવે તેવી માંગ પણ લોકોમાંથી ઉઠી છે.

શહેરા નગરમાં અણીયાદ ચોકડી પાસે ધારાસભ્યના કાર્યાલય ઉપર પંચમહાલ ડીસ્ટ્રીક બેંક આવેલી છે. ખોડીયાર દલવાડા દૂધ ઉત્પાદક મંડળીના સેંક્રેટરી કુબેરભાઈ પગી બેંક ખાતે દૂધ ડેરીના સભાસદોનો પગાર થયો હોવાથી રૂપિયા ૧,૩૫,૦૦૦ ઉપાડવા માટે આવ્યા હતા. બેંકમાંથી રૂપિયા ઉપાડીને દૂધ ડેરીના સેંક્રેટરીએ પોતાના પાકીટમાં મૂકીને રીક્ષાની અંદર બેસવા ગયા ત્યારે કોઈ અજાણ્યા વ્યક્તિ આવીને તમારા ખિસ્સામાંથી રૂપિયા નીચે પડી ગયા છે. તેમ કહેતા તેઓ જમીન પર પડેલ રૂપિયા ૨૦,૫૦ના દરની અલગ-અલગ નોટો વીણવા જતા એટલી વારમાં રીક્ષામાં મુકેલ પાકીટ ચોરી ને ચોર ગેંગ છૂમંતર થઈ ગઈ હતી. જ્યારે દૂધ ડેરીના સેંક્રેટરી કુબેરભાઈ ને રૂપિયા ૧,૩૫૦૦ ભરેલ પાકીટ રીક્ષામાં તેમને જોવા નહી મળતા તેઓ ગભરાઈ ગયા હતા. બનેલા બનાવની હકિકત સ્થાનિક પોલીસને જાણ કરતા પોલીસ મથકનો સ્ટાફ બનાવ સ્થળ ખાતે પહોંચી જઈને જરૂરી તપાસ હાથધરી હતી. જોકે ચીલ ઝડપની આ ઘટના બનતા આ વિસ્તારમાં ભારે ચર્ચાનો મુદ્દો બની જવા પામ્યો હતો. પોલીસ મથક ખાતે દલવાડા ગામના અને દૂધ મંડળીના સેંક્રેટરી કુબેર ભાઈ અભેસિહ પગીએ ફરિયાદ નોંધાવતા પોલીસે ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. જોકે આ બેંકની આસપાસ સીસીટીવી કેમેરા હોવાથી પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજ મેળવીને આ ચાલબાજ ગેંગ સુધી પહોંચી શકે તો નવાઈ નહી. હાલ તો આ બેંક ખાતે ૧૦૦થી વધુ દૂધ મંડળીનો પગાર થતો હોય ત્યારે પોલીસ તંત્ર આ બાબતને બહુ જ ગંભીરતાથી લઈને ફરીથી આવી ઘટના નહીં બને તે માટે આ ચાલબાજ ગેંગને પકડી પાડીને જેલના સળિયા ગણાતા કરી દેવા સાથે જનજાગૃતિ સંદેશો પ્રજાજનો સુધી પહોંચાડવો જોઈએ જેથી આવી ઘટનાનુ ફરીથી પુનરાવર્તન થઈ શકે નહી.

## ઘોઘંબાની અદેપુર પ્રાથમિક શાળા દ્વારા સ્ટાફમાં યુનિફોર્મનો શુભારંભ



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

જિલ્લા શિક્ષણ સમિતિ પંચમહાલ ગોધરાના ચેરમેન રમેશભાઈ રાઠવાના અધ્યક્ષ સ્થાને તથા બી.આર. સી.કો.ઓ.ઘોઘંબા, સી.આર. સી.કો.ઓ. તથા સેકસીક મહાસંઘના પ્રમુખ વિરેન્દ્રસિંહ ઠાકોર પાલ્લા પ્રાથમિક શાળાની ઉપસ્થિતિમાં આજ રોજ અદેપુર પ્રાથમિક શાળા ખાતે શાળાના આચાર્ય તથા શાળા શિક્ષક પરિવાર દ્વારા સમગ્ર સ્ટાફ યુનિફોર્મનો શુભારંભ કરવામાં આવ્યો.

ચેરમેન દ્વારા શાળા પરિવારના આ પ્રેરણાદાયી, સમભાવિ અને એક ઉત્કૃષ્ઠ વિચારને વધાવી લીધો હતો અને આ વિચારના બીજમાં અંતે બાળકોનું સફળ ભવિષ્ય સમાયેલું છે. તેમ જણાવી શાળાના સુકાની અને ઈ. ચાર્જ બી.કે.ની. ભીમસિંહ રાઠવા તથા શાળા પરિવારને ખૂબ ખૂબ અભિનંદન અને શાળાની ઉત્તરોતર પ્રગતિની શુભકામના પાઠવી હતી. બી.આર. સી.કો.ઓ. પ્રવિણસિંહ સોલંકી દ્વારા પણ સમગ્ર તાલુકા માટે આ ગૌરવરૂપ અને પ્રેરણાદાયી પ્રસંગ અર્થે શુભેચ્છા પાઠવી હતી. શાળાના સિનિયર શિક્ષક વસંતભાઇ પટેલ દ્વારા સહકાર આપવામાં આવેલ છે.

## શહેરાના વલ્લભપુર ગામમાં શંકાસ્પદ ડેન્ગ્યુ સહિત બિમારીઓનો ભરડો

શહેરા,

શહેરા તાલુકાના વલ્લભપુર ગામ ખાતે શંકાસ્પદ ડેન્ગ્યૂ સહિત અન્ય બીમારીમાં લોકો સપડાઈ ગયા હોય ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા આ વિસ્તારમાં દવા છંટકાવ કરવા સાથે ઘરે ઘરે જઈને સર્વે હાથ ધરે તેવી માંગ સ્થાનિક લોકોમાંથી ઉઠી છે. જ્યારે વિરોધ પક્ષના નેતા સહિત ગામના જાગૃત ગ્રામજનો દ્વારા આ બાબતે તાલુકા વિકાસ અધિકારીને લેખિતમાં રજૂઆત કરવા સાથે શોચાલયના નાણાં લાભાર્થીના ખાતામાં વહેલી તકે જમા થાય તેવી માંગ કરી હતી.

શહેરા તાલુકાના વલ્લભપુર ગામમાં ઘણા બધા લોકો શંકાસ્પદ ડેન્ગ્યુ સહિતની અન્ય બીમારીમાં સપડાતા સ્થાનિક ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો હતો. જેને લઈને વિરોધ પક્ષના નેતા જશવંતસિંહ સોલંકી સહિત આ ગામના જાગૃત ગ્રામજનો તાલુકા પંચાયત કચેરી ખાતે આવીને તાલુકા વિકાસ અધિકારી ઝરીના અન્સારીને લેખિતમાં રજૂઆત કરી હતી કે ગામમાં દવાનો છંટકાવ કરવામાં આવતો નથી તેમજ ગામના અનેક વિસ્તારમાં કાદવ-કીચડ રસ્તા પર હોવાથી ગ્રામજનોને પસાર થવામાં તકલીફ પડવા સાથે મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ગામમાં કાયમી શરૂ રહે જેથી સ્થાનિક ગ્રામજનો બીમાર પડે તો ખાનગી દવાખાનામાં રૂપિયા ખર્ચીને સારવાર કરવી પડે નહી. તેમજ ગામમાં બનેલા વ્યક્તિગત શોચાલયના નાણાં વહેલી તકે લાભાર્થીના ખાતામાં જમા થાય તેવી માંગ કરી હતી. તાલુકાના છેવાડાનું ગામ વલ્લભપુર ગામ ખાતે તાલુકા વિકાસ અધિકારી ઝરીના અન્સારી ઓચિંતી મુલાકાત લઇને પરિસ્થિતિનો તાગ મેળવે તે અત્યંત જરૂરી છે. સાથે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની હાલની પરિસ્થિતિ શું છે તે માટે જિલ્લા આરોગ્ય વિભાગના આરોગ્ય અધિકારી આ બાબતે પોતાની નૈતિક ફરજ સમજીને અહીંની ઓચિંતી મુલાકાત લેવામાં આવે તે જરૂરી છે.

## ગોધરા શ્રી સ્વામિનારાયણ મંદિર (ટાવરવાળા)માં કોઠારી તરીકે જયેશભાઈ પટેલની નિમણૂંક સાથે આવનાર સમયમાં ધરખમ ફેરફાર થવાના એંધાણ... ?



તસ્વીર : રાજેશ પટેલ, ગોધરા

ગોધરા,

ગોધરામાં આવેલ શ્રી સ્વામિનારાયણ મંદિર (ટાવરવાળું) તથા સહજાનંદ સોસાયટીમાં આવેલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સમાજના હરિભક્તો તથા ધુન મંડળને અને મંડળની શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સવારના ફેરી ભગવાનની કાઢ્તા તેઓને ધ્યાન બહાર અને પુછ્યા વગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં કોઠારીની જગ્યા ભરવામાં આવેલ અંદરો અંદર સગા સંબંધીને દયાનમાં આપીને શ્રી સ્વામિનારાયણ મંદિર ટ્રસ્ટ દ્વારા જીતુભાઈ (મંડપવાળા)ની નિમણૂંક કરેલ તથા સહજાનંદ સોસાયટીમાં અશોષભાઈ પટેલની નિમણૂંક થતા મંદિરમાં હરિભક્તો દ્વારા ભજન કિર્તન તથા ધૂન મંડળ દ્વારા જોરદાર રજુઆતને ધ્યાનમાં લઈ શ્રી સ્વામિનારાયણ મંદિર (ટાવરવાળું)માં સ્વ. ધનશ્યામભાઈ ચંદુભાઈ પટેલ (ભોપાભાઈ) જેઓ છેલ્લા ત્રીસ વર્ષથી મંદિરનો વહીવટ કરતા હતા. તેઓના પુત્ર જયેશભાઈ ધનશ્યાભાઈ પટેલ તેઓ રોટરી કલબ તથા સાયન્સ કલબમાં બહોળો અનુભવ ધરાવતા તથા વહીવટમાં જ્ઞાન ધરાવતા જયેશભાઈ પટેલને કોઠારી તરીકે નિમણૂંક આપી તે બદલ હરિભક્તો, સંતો તથા તેમનું મિત્ર મંડળ અને કાછીઆવાડ સમાજમાં ખૂબ જ આનંદ અને ઉત્સાહ જોવા મળે છે. જયેશ પટેલને અંજની સુતાય ટ્રસ્ટ દ્વારા રાજેશભાઈ પટેલના જયશ્રી સ્વામિનારાયણ.

વધુમાં જણાવવાનુંકે, હાલમાં મિતેશભાઈ તથા સમીપભાઈ (વકીલ) દ્વારા ઉગ્ર રજુઆત થઈ તેવું જાણવા મળેલ છે. અને ટ્રસ્ટમાં ધરખમ ફેરફાર થાય તેવી શકયતા જોવાઈ રહી છે અને હાલમાં હરિભક્તોમાં ભરતભાઈ (કપો) દ્વારા અને હરિભક્તો દ્વારા ઉગ્ર રજુઆત કરેલ છે. તો ગુજરાત રાજ્યના મંત્રી મંડળની જેમ ( નો રીપીટ)નો વારો શ્રી સ્વામિનારાયણ મંદિર ટ્રસ્ટમાં આવે તેવું જોવાઈ રહ્યું છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર ગોધરા ટાવર વાળા મંદિરના નવા નિમાયેલા કોઠારી જયેશભાઈ ધનશ્યામ પટેલને શાસ્ત્રી સૂર્યપ્રકાશદાસ ગુરૂ કોઠારી સ્વામી ધનશ્યામપ્રસાદદાસજી સારંગપુર વાળા તથા સ્વામીશ્રી વલ્લભદાસજી, શાસ્ત્રી સત્યપ્રકાશદાસજી આદિ સંત મંડળની ખુબ ખુબ હાર્દિક શુભેચ્છા સાથે સાથે ભગવાનને પ્રાર્થના કેનવા નિમેલા કોઠારી શ્રી દ્વારા ગોધરા સત્સંગ સમાજના ખૂબ રૂડા કાર્યો થાય સત્સંગીઓને કથા વાર્તા ભજન કીર્તન આદિ સત્સંગમાં ખૂબ આનંદ થાય અને ગોધરા સત્સંગ સમાજ ખૂબ વૃદ્ધિને પામે અને વડતાલવાસી શ્રીલક્ષ્મીનારાયણ દેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ પ્રતિ ખૂબ નિષ્ઠાવાળા થાય અને એમના હાથે ખૂબ સારા સારા ઉત્સવ સમૈયા થાય અને ગોધરા સત્સંગ સમાજનો જય જયકાર થાય એવી વડતાલ વાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ હરિકૃષ્ણ મહારાજ અનાદિ મૂળઅક્ષર સદગુરૂ શ્રી ગોપાળાનંદ સ્વામી તથા સારંગપુર નિવાસી શ્રી કષ્ટભંજન દેવ હનુમાન દાદાના ચરણોમાં પ્રાર્થના ખૂબ હેતથી જય શ્રી સ્વામિનારાય.

શ્રી ધુન મંડળના મુકેશભાઈ તથા શાંતિલાલ મિસ્ત્રી તથા ભરતભાઈ (કપો) જયેશભાઈ (પ્રભુ) મિતેષભાઈ (વાડીવાળા) સમીપભાઈ (વકીલ) અને ભજન કિર્તન મંડળના હરિભકતો ઇન્દ્રવદન (લાલો) પટેલ (ઓટોસ્પાર્ટવાળા) અને રાજેશભાઈ પટેલ (પત્રકાર અને સામાજીક કાર્યકર) દ્વારા ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે.

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૧માં જન્મદિવસ નિમિત્તે જિલ્લામાં વિવિધ કલ્યાણકારી કાર્યક્રમો યોજાયા





તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

આજે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે રાજ્યભરમાં ગરીબોના બેલી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ત્યારે પંચમહાલ જિલ્લામાં પણ ૧૧ સ્થળોએ આ જનહિતલક્ષી કાર્યક્રમો યોજાયા હતા. ગોધરાના સરદારનગર ખંડ ખાતે કલ્પસર અને મત્સ્યોદ્યોગ (સ્વતંત્ર હવાલો), નર્મદા જળ સંપત્તિ અને પાણી પુરવઠો રાજયમંત્રી જીતુભાઈ ચૌધરીના અદયક્ષસ્થાને યોજાયેલ મુખ્ય કાર્યક્રમમાં લાભાર્થીઓને પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના ૨.૦ અને મુખ્યમંત્રી બાલ સેવા યોજના અંતર્ગત સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી રાજ્યમંત્રી જીતુભાઈ ચૌધરીએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને ૭૧માં જન્મદિનની હાર્દિક શુભકામનાઓ પાઠવતા જણાવ્યું હતું કે વડાપ્રધાનએ પ્રત્યેક દેશવાસી અને ખાસ કરીને વંચિતો, શોષિતો, મહિલાઓ અને છેવાડાના માનવીની ચિંતા કરી અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે. જેનાથી શહેરોથી લઇ અંતરિયાળ ગામડામાં રહેતા લોકોના જીવનધોરણમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. આ બાબતને દયાનમાં રાખીને આજે પ્રધાનમંના ૭૧મા જન્મદિને વધુમાં વધુ જરૂરતમંદો સુધી વિવિધ યોજનાકીય લાભો પહોંચાડી શકાય તે માટે સમગ્ર ગુજરાતમાં ૪૦૦ જેટલા ગરીબોના બેલી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. મંત્રીએ ઉમેર્યું હતું કે, વડાપ્રધાનએ મહિલાઓની વિશેષ ચિંતા કરીને તેમને ચૂલા ફૂંકવાના શ્રમ અને તેના કારણે થતા ધુમાડાથી મુક્તિ અપાવવા પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના અમલી બનાવી છે. જેના કારણે ગ્રામ્ય વિસ્તારોની મહિલાઓમાં શ્વાસની બિમારીઓનું પ્રમાણ ઘટ્યું છે. પહેલા ગેસ કનેકશન મેળવવા માટે ભલામણપત્રો લખાવવા પડતા હતા નો ઉલ્લેખ કરતા મંત્રી ચૌધરીએ જણાવ્યું હતું કે આજના શુભ દિવસે સમગ્ર જિલ્લામાં ૧૧૦૦થી વધુ લાભાર્થીઓને વિનામૂલ્યે ગેસ કનેક્શનો આપવામાં આવી રહ્યા છે. સરકારની પ્રતિબદ્ધતાના પરિણામે દરેક ગરીબ, આદિવાસી વિસ્તારમાં ગેસ કનેક્શનો ઉપલબ્ધ કરાવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે કોરોનાકાળ દરમિયાન અનેક બાળકોએ માતા-પિતાની છત્રછાયા ગુમાવી તો મુખ્યમંત્રી બાળ સેવા યોજના થકી સરકાર તેઓની વાલી બની છે અને પ્રતિમાસ રૂ.૨૦૦૦/-ની સહાય તેમને આપવામાં આવી રહી છે. જે હેઠળ જિલ્લાના આવા વધુ ૩૧૨ બાળકોને આજે યોજાયેલ કાર્યક્રમોમાં સહાયના મંજૂરીપત્રો આપવામાં આવ્યા છે. આ પ્રસંગે જિલ્લાના સાંસદ રતનસિંહ રાઠોડે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને જન્મદિનની શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે રાજયભરમાં વિવિધ કલ્યાણકારી કાર્યક્રમોનું આયોજન કરી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો જન્મદિવસ સેવાદિન તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. કોરોના કટોકટી દરમિયાન દેશના પ્રત્યેક નાગરિકની સુરક્ષા માટે વડાપ્રધાન અને તેમના નેતૃત્વમાં સરકારે કરેલી ચિંતા અને કામગીરી વિશે વાત કરતા સાંસદએ જણાવ્યું હતું કે દેશ અને રાજ્યના દરેક માનવીને કોરોના વેક્સિન વિનામૂલ્યે આપીને તેમને આ મહામારી સામે સુરક્ષિત કરવાનો સરકારનો સંકલ્પ છે.

કાર્યક્રમમાં ઉજ્જ્વલા યોજના ૨.૦ અંતર્ગત લાભાર્થીઓને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ગેસ કનેકશનનું વિતરણ કરવામાં આવ્યું હતું. જિલ્લામાં યોજાયેલ ૧૧ કાર્યક્રમોમાં આવા કુલ ૧૧૦૦ લાભાર્થીઓને ગેસકીટનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, આ યોજના હેઠળ લાભાર્થીઓને આપવામાં આવતી પ્રથમ ગેસ બોટલ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત, મુખ્યમંત્રી બાલ સેવા યોજના હેઠળ કોરોનાકાળમાં માતા-પિતા ગુમાવનાર બાળકોને સહાયના મંજૂરી હુકમો પણ મંત્રી સહિતના મહાનુભાવોના હસ્તે અર્પણ કરવામાં આવ્યા હતા. જિલ્લામાં સો ટકા રસીકરણની સિધ્ધિ મેળવનાર ગ્રામ પંચાયતો પૈકીના રીંછીયા, લાડપુર, એરંડી, વડેલાવ અને દહીંકોટના સરપંચોઓને પ્રમાણપત્ર આપી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અગાઉ, ઉજ્જ્વલા ૨.૦ ફિલ્મ અને એસબીએમની ફિલ્મનું પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું. બાયસેગના માધ્યમ દ્વારા અમદાવાદ ખાતેથી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના સંબોધનનું જીવંત પ્રસારણ પણ સૌએ નિહાળ્યું હતું. આ પ્રસંગે ગોધરાના ધારાસભ્ય સી.કે.રાઉલજી, જિલ્લા ભાજપ પ્રમુખ અશ્વિનભાઈ પટેલ સહિતના અગ્રણીઓ-પદાધિકારીઓ, જિલ્લા પુરવઠા અધિકારી, પ્રાંત અધિકારી ગોધરા, મામલતદાર સહિતના અધિકારીઓ તથા લાભાર્થીઓ સોશિયલ ડિસ્ટન્સ જાળવી ઉપસ્થિત રહ્યા હતા.

## પંચમહાલ જિલ્લામાં વેક્સિનેશન મેગા ડ્રાઈવ : જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીએ વિવિધ રસીકરણ કેન્દ્રોની મુલાકાત લીધી

ગોધરા,

આજે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના જન્મદિવસ નિમિત્તે પંચમહાલ જિલ્લામાં કોવિડ-૧૯ રસીકરણની મેગા ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લામાં એકપણ વ્યક્તિ કોરોના પ્રતિરોધક રસીકરણથી વંચિત ન રહે તે માટે કલેકટર સુજલ મયાત્રાના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ વેક્સિનેશન મેગા ડ્રાઇવનું વ્યાપક અને સુચારૂ આયોજન કરી મોટાપાયે લાભાર્થીઓને રસી આપવામાં આવી રહી છે. આ કામગીરીને વેગ આપવા પંચમહાલ જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રા અને જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ બી. રાઠોડે વહેલી સવારથી ગોધરાના સિવિલ હોસ્પિટલ, બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન સહિતના વિવિધ રસીકરણ કેન્દ્રોની મુલાકાત લઈને વેક્સિનેશન કામગીરીનું જાત નિરીક્ષણ હાથ ધર્યું હતું તેમજ અધિકારીઓ-કર્મચારીઓને કામગીરી વધુ સારી રીતે કરવા અંગે માર્ગદર્શન-સૂચના આપ્યા હતા. તેમણે નાગરિકોને રસી લઈ પોતાની સાથે સમાજને સુરક્ષિત કરવા માટે સહયોગ આપવા સમજ પણ આપી હતી. કલેક્ટર સુજલ મયાત્રાએ જણાવ્યું હતું કે કોરોનાને હરાવવા ૧૦૦ ટકા રસીકરણ એકમાત્ર હાથવગો ઉપાય છે ત્યારે રસીકરણની કામગીરીને વધુ પ્રોત્સાહન આપવાના ભાગરૂપે આજે મેગા ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ૫૫૦ જેટલી ટીમો ૮૫ સેશન્સ સાઈટો પર રસીકરણની કામગીરી કરી રહી છે. કલેક્ટરએ માર્ગદર્શિકા અનુસાર રસી લેવાની થતી હોય અને ન લીધી હોય તેવા નાગરિકોને કોઈ ડર વગર આગળ આવી રસી મૂકાવવા અને તે રીતે કોરોનાને પરાજિત કરવામાં સહયોગ આપવા અપીલ કરી હતી. જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ બી. રાઠોડે તૈલંગ હાઈસ્કૂલ ખાતે રસીકરણની કામગીરીનું નિરીક્ષણ કરતા જણાવ્યું હતું કે આ મેગા ડ્રાઈવ અંતર્ગત મહત્તમ સંખ્યામાં લાભાર્થીઓને આવરી લેવા માટે વહેલી સવારે ૫.૦૦ કલાકથી વેક્સિનેશનની શરૂઆત કરવામાં આવી છે અને મોડી રાત સુધી આ કામગીરી ચાલુ રહેશે. બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, ગામોના ફળિયાઓમાં તેમજ હાઉસ-ટુ-હાઉસ વેક્સિનેશન કરી મહત્તમ લાભાર્થીઓને આવરી લેવામાં આવી રહ્યા છે. જિલ્લા વિકાસ અધિકારીએ આરોગ્યકર્મીઓની રસીકરણની કામગીરીને બિરદાવી આજની મેગા ડ્રાઈવ દરમ્યાન વધુમાં વધુ લોકોને રસી આપવા સઘન પ્રયાસો કરવા જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ઈલેકશન પેટર્ન મુજબ યોજાઇ રહેલી આ રસીકરણ મેગા ડ્રાઈવમાં પંચમહાલ જિલ્લામાં બપોરે ૪.૦૦ કલાક સુધીમાં આજે ૩૦,૩૫૫ લોકોને રસી આપવામાં આવી છે. વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓએ વિવિધ વિસ્તારમાં નાગરિકોનો રૂબરૂ સંપર્ક કરી રસીકરણ અંગે જાગરૂકતા વધારી રસી લેવા માટે પ્રોત્સાહન આપ્યું હતું. જિલ્લામાં અત્યાર સુધી ૭૨ ટકાથી વધુ નાગરિકોને રસીનો પ્રથમ ડોઝ અને ૩૭ ટકાથી વધુને બીજો ડોઝ અપાઈ ગયો છે. જિલ્લાના ૧૩.૧૪ લાખ નાગરિકોને રસી આપવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે. અત્યાર સુધી ૯ લાખ ૪૬ હજારથી વધુને રસીનો પ્રથમ ડોઝ અને ૩.૫૭ લાખને બીજો ડોઝ આપી દેવાયો છે.